
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-3 * Issue-4
FEBRUARY-2003
મહા
ફેબ્રુઆરી-૨૦૦૩
આત્મ સંવત : ૧૦૭
વીર સંવત : ૨૫૨૯
વિક્રમ સંવત : ૨૦૫૯
પુસ્તક : ૧૦૦

भवदासादितं वीर्यं स्वपरौन्नतिसाधकम् ।
न तद्दुरुपयोगस्य चेष्टां कुरुत कर्हिचित् ।।

*

તમને મળેલું વીર્ય તમારી અને બીજાઓની ઉન્નતિ સાધવામાં જબ્બર સાધન છે. તેનો દુરુપયોગ કરતા નહિ. ૧૪

*

The virility you have inherited, is the strongest instrument of doing good to others as well as to your self. Do not dissipate it. 14

*(કલ્યાણભારતી ચેપ્ટર-૧૬ : ગાથા-૧૪, પૃષ્ઠ-૩૬૪)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જૈન શ્રાવક | રચયિતા : બુદ્ધિસાગરસૂરિજી મ.સા. | ૧ |
| (૨) | આ જગતમાં કોઈ સપૂર્ણ નહીં માનવ માત્ર અધૂરા | મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૬) | કાંતિલાલ દીપચંદ શાહ | ૬ |
| (૪) | શિષ્યવૃત્તિ તથા સંસ્કૃત પારિતોષિક સમારંભ | અહેવાલ : મુકેશ સરવૈયા | ૯ |
| (૫) | દેહનું સૌંદર્ય ક્ષણસ્થાયી છે દિલનું સૌંદર્ય... | ગણિ રાજરત્નવિજય | ૧૦ |
| (૬) | જેના જન્મ પછી મા-બાપ પેંડા વહેંચે છે.... | મુનિરાજ શ્રી મહાબોધિવિજયજી | ૧૨ |
| (૭) | જૈન હસ્તપ્રતોનો કેટલૉગ.... | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૫ |
| (૮) | શ્રી અનાથી મુનિ અને કૂરગડુ મુનિ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૭ |
| (૯) | શ્રમણ ભગવંતની અનેક આજ્ઞા વતી એક આજ્ઞા | શ્રમણ શ્રુતિ | ૨૦ |
| (૧૦) | નિર્મળ દૃઢ સમકિત ગુણવતી મહાસતી સુલસા | પં. ગુણસુંદરવિજયજી ગણી | ૨૨ |


**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

**શ્રી મનહરલાલ પાનાચંદભાઈ શાહ, સુરેન્દ્રનગર**

## લક્ષ્મીજી પાછા પધાર્યા

ધાર્મિક અને ધનવાન શેઠ. શેઠજી ઘરડા થયા. ધાર્મિક શેઠથી નાસ્તિક દીકરાઓ અકળાયા. ઘરમાં ઝઘડા-કંકાસ શરૂ થયા. શેઠને સ્વપ્નમાં લક્ષ્મીજીએ કહ્યું, "સાત દિ પછી મારી વિદાય થવાની છે; મારા ગયા બાદ પ્રતિકૂળતાના સ્વીકાર માટે તૈયાર રહેજો." શેઠે વિચાર્યું કે, "શાસ્ત્રમાં લક્ષ્મીજી સ્વભાવે જ ચંચળ કહી છે. આ ચંચળ લક્ષ્મી દ્વારા અચળ દાનધર્મ સેવીને પરલોક માટે પુણ્ય ભાથું શા માટે ન બાંધી લઉ!" શેઠે છૂટા હાથે "દાન ગંગા" વહાવી.

અઠમા દિવસે લક્ષ્મીજી પુનઃ સ્વપ્નમાં પધાર્યા અને કહ્યું, "શેઠજી! દાનધર્મથી બાંધેલા અઢળક પુણ્યથી તમે મને બાંધી લીધી છે; આથી હું હવે જવાની નથી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૨૫૧૬૬૦૭ ઘર : ૨૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

વાર્ષિક લવાજમ પ્રથા બંધ છે.

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય સી. ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કે. મહેતા—મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૭) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

## ❀ જૈન શ્રાવક ❀

*(રચયિતા : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા.)*

દેવગુરૂને ધર્મની, શ્રદ્ધા નહિ તલભાર;
ધર્મ માર્ગ ખંડન કરે, પાપી શ્રાવક ધાર. ૧૫

સુધારક નામે અરે, કરે કુધારક કર્મ;
તે બગડેલો જાણવો, સમજે નહિ જિનધર્મ. ૧૬

ગોળીના ચવડા પરે, ચળવિચળ થઈ જાય;
ડગમગ શ્રાવક જાણવો, નિશ્ચય તત્ત્વ ન પાય. ૧૭

ભમે ભમાવ્યો લોકથી, નહિ મન ગુરૂ વિશ્વાસ;
કાચો શ્રાવક જાણવો, થાય નહીં તે પાસ. ૧૮

ગોટાળો આચારમાં, તત્ત્વવિષે શંકાય;
કુભંડી શ્રાવક જાણવો, ધર્મને વેચી ખાય. ૧૯

શ્રદ્ધા નહિ મુનિવર્ગની, વંદે નહિ મુનિ વર્ગ;
શ્રાવક નામ ધરાવીને, પામે નહિ તે સ્વર્ગ. ૨૦

સાધુ વર્ગ વૈરા બની, નમુચિ પેઠે જેહ;
કરે કર્મ ચંડાલ છે, શ્રાવક દુર્ભવી તેહ. ૨૧

વિનય કરે ના સાધુનો, કરે સાધુ અપમાન;
શ્રાવક ભારે કર્મી તે, દુર્ગતિનો મેમાન. ૨૨

કરે હેલના સાધુની, સંતાપે મુનિ વર્ગ;
તપ જપ શ્રાવક બહુ કરે, લહે ન ત્હોંયે સ્વર્ગ. ૨૩

સદ્‌ગુરૂ પ્રતિ પક્ષી બની, નિન્દે સદ્‌ગુરૂ દેવ;
શ્રાવક તે નરકે જતો, ધરી કુકર્મની ટેવ. ૨૪

ગુરૂદ્રોહી શ્રાવક અરે, અંતે દુ:ખી થાય;
બૂમો પાડે દુ:ખથી, ઠરે ન ક્યાંયે ઠાય. ૨૫

અછતાં મુનિવર છિદ્રને, દેખી કહી હરખાય;
કાક શ્રાવકો જાણવા, મરીને દુર્ગતિ જાય. ૨૬

મુનિ દેખી દ્વેષી થતો, નિંદે મુનિ આચાર;
ગુણને અવગુણ લેખવે, દ્વેષી શ્રાવક ધાર. ૨૭

સદ્‌ગુરુ ભક્ત બની પછી, પ્રત્યનીક જે થાય;
શત્રુસમ શ્રાવક બની, નરકે વ્હેલો જાય. ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ જગતમાં કોઈ સંપૂર્ણ નહીં, માનવ માત્ર અધૂરા

—મહેન્દ્ર પુનાતર

જીવન વહેવારમાં આપણે ભિન્ન ભિન્ન પ્રકૃતિના અનેક માણસોના પરિચયમાં આવીએ છીએ. દરેક માણસનો સ્વભાવ, ગમો અણગમો અને જીવન જીવવાની અને કાર્ય કરવાની રીત અલગ અલગ હોય છે. દરેક માણસને તેના ગુણો અને આગવી શક્તિ હોય છે અને સાથે સાથે ઊણપો પણ હોય છે. જે પ્રકારનાં તત્ત્વો તેનામાં ઉભરે છે તે પ્રમાણમાં માણસ સારો અને ખરાબ દેખાય છે. માણસમાં રહેલાં મૂળભૂત તત્ત્વો પર તેનો આધાર છે. માણસ જે પ્રકારના માહોલમાં ઘડાયો હોય છે તેની છાપ થોડેઘણે અંશે તેની પર અંકિત થઈ જાય છે. આવા અલગ અલગ પ્રકૃતિના માણસો સાથે રહેતા હોય કે સાથે કામ કરતા હોય ત્યારે કેટલીક વખત સંઘર્ષ અનિવાર્ય બની જાય છે પરંતુ સમજદાર માણસ આની મર્યાદા બાંધી લે છે.

આને આપણે મતમતાંતર કે મતભેદ તરીકે ઓળખીએ છીએ. આમાં મનભેદ હોતો નથી. પરંતુ સહજ પ્રકૃતિજનક વલણ ડોકિયા કરતું હોય છે. કુટુંબ અને સમાજમાં શાંતિમય સહઅસ્તિત્વ જ આપણા મૂળભૂત તત્ત્વોને ટકાવી રાખે છે. કેટલાક આડા અને અળવીતરા માણસોને લોકો સહન કરી લેતા હોય છે. માણસ વિચારે છે કે પાણીમાં રહેવું અને મગર સાથે વેર બાંધવું એમાં સાર નથી.

જ્ઞાની માણસો કહે છે કે સમાજમાં એવા કેટલાય માણસો હોય છે તેની સાથે બની શકે ત્યાં સુધી સંઘર્ષમાં ઊતરવું નહીં, તેનો વિરોધ કરવો નહીં. વિરોધ કરીએ, આડા ઊતરીએ તો સરવાળે આપણને નુકસાન થાય.

માણસ આધિ-વ્યાધિ, ચિંતા-તનાવ, માન-અભિમાન, ક્રોધ, લોભ, પૂર્વગ્રહ અને અશાંતિથી ઘેરાયેલો છે. એટલે દુખતી રગ પકડાઈ જાય અથવા એના મર્મસ્થાન પર ઘાવ પડે ત્યારે તે ઉકળી ઊઠે છે અને તેનો રોષ ભભૂકી ઊઠે છે. આ બીજું કશું નથી પરંતુ મનની અશાંતિ છે. મન સ્થિર અને શાંત હોય તો ઘા લાગતા નથી. મનની સપાટી પર જ બધું ભૂંસાઈ જાય છે અને ભુલાઈ જાય છે.

સમાજમાં ભાતભાતના માણસો છે. કોણ સાચો, કોણ ખોટો તે ઓળખવાનું બહુ મુશ્કેલ છે. દરેક માણસે તેના ચહેરા પર મુખવટો લગાવેલો છે એટલે તેનો અસલી ચહેરો શોધવો મુશ્કેલ છે. સ્વાર્થી, મતલબી, માખણિયા, ખુશામતખોરો અને ધુર્ત લોકોનો તોટો નથી. માણસ આજે એકદમ મતલબી બની ગયો છે. પોતાને કેમ ફાયદો થાય એ જ તેની વૃત્તિ હોય છે.

અંગત ફાયદા અને સ્વાર્થ માટે તે જુઠાણા અને પ્રપંચો આચરે છે. ખંધા અને કપટી માણસો જલદીથી ઓળખાતા નથી. અળવીતરા અને કઢંગા માણસો જલદીથી ઓળખાય જાય છે પરંતુ બંને એક ચહેરાના બે મહોરા છે. અત્યારના જગતમાં સારો કોણ અને ખરાબ કોણ એની કલ્પના કરવાનું મુશ્કેલ છે. કેટલીક વખત સગા દીકરાઓ દુશ્મન બની જાય છે. તો કેટલીક વખત જેને આપણે દુશ્મન માનતા હોઈએ એ ખરે વખતે ઢાલ બનીને ઊભો રહે છે. સમાજમાં મોટાભાગના લોકો બેવડું જીવન જીવે છે. સપાટી પરનું એક અને ભીતરનું જુદું. ધાર્મિક દેખાતો માણસ અંદરખાને અધાર્મિક, સજ્જન દેખાતો માણસ અંદરખાને દુર્જન અને નૈતિકતાની વાતો કરનારા અંદરખાને અનૈતિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અનીતિમાન જીવન જીવતા હોય છે. સજ્જન અને દુર્જનના ચહેરાઓ અને મહોરાઓ બદલાઈ ગયા છે. સરળતા, સહૃદયતા અને સહિષ્ણુતા ધીરે ધીરે કમ થઈ રહી છે અને માણસ કૃત્રિમ રીતે જીવી રહ્યો હોય એવું લાગે છે. સંવેદન, સહાનુભૂતિ અને કૃતજ્ઞતાનો લોપ થયો છે. કોઈએ આપણું સારું કર્યું હોય, સહાનુભૂતિ દર્શાવી હોય, સહાય કરી હોય પરંતુ આપણી પાસે આભારના બે શબ્દો હોતા નથી. નાના માણસોની આવી સેવાઓને આપણે સિફતથી ભૂલી જઈએ છીએ. કહે છે કે ભગવાને એક વાર સ્વર્ગમાં એક વિશેષ પ્રકારનો ભોજન સમારંભ યોજેલો. એની વિશેષતા એ હતી કે એમણે ધરતી પરના સદ્‌ગુણોને જ નિમંત્રેલા. આ સ્નેહમિલનમાં ખુદ ભગવાનને પણ એ જોઈને આશ્ચર્ય થયું કે બે મહેમાનો એકબીજાને ઓળખતા જ નહોતા. એક સહાનુભૂતિ અને બીજી કૃતજ્ઞતા. આપણી ધરતી પર બંને કદી ભેગા જ નહીં થયેલાં અને ભેગા પણ ક્યાંથી થાય? આપણા પર કોઈએ ઉપકાર કર્યો હોય ત્યારે સાચા હૃદયથી કૃતજ્ઞતા આપણે ભાગ્યે જ વ્યક્ત કરીએ છીએ. જાણીતા ચિંતક સિસેરોએ કહ્યું છે કે ‘કૃતજ્ઞતા એ સર્વ ગુણોની માતા છે.’

‘તુલસી ઈસ સંસાર મેં ભાતભાત કે લોગ’ આવા અલગ અલગ મિજાજના લોકો સાથે મળે એટલે કેટલીક વખત ટક્કર અને સંઘર્ષ સર્જાય છે. માણસ અનેક વિચિત્રતાથી ભરેલો છે. માણસના મનનો તાગ મેળવવાનું મુશ્કેલ છે.

જે બાબત આપણને ન ગમે અને આપણા મગજમાં ફીટ ન થાય તે અંગે આપણે વિરોધ કરતા રહીએ છીએ. આપણો અહમ્ ન સંતોષાય, અહંકારને ચોટ લાગે ત્યારે પણ વિરોધનો સૂર બહાર આવે છે. કેટલીકવાર સીધી રીતે તો કેટલીક વખત આડકતરી રીતે વિરોધનો ભાવ પ્રગટ થઈ જતો હોય છે. વિરોધ અનેક પ્રકારે થાય છે. પ્રેમથી, રોષથી, વ્યંગથી, કટાક્ષથી કે મેણું મારીને કે સામા માણસને ન ગમતી વાત કરીને કે તેના મર્મસ્થાન પર ઘા કરીને તીર ચલાવતા હોય છે. વિરોધનો પ્રતિભાવ ઊભો ન થાય તો વિરોધ બુઠ્ઠો બની જાય છે એટલે ઘા કરનારા સમય, સ્થળ અને સંજોગો જોઈને વાર કરતા હોય છે. માણસોનો આ સ્વભાવ છે.

આપણી સામે થતા વિરોધને, ટીકાને કોઈ પણ જાતનો પ્રતિભાવ નહીં આપીને મહાત કરી શકાય છે પરંતુ સાચી સમજ ભરી વાતમાં ગુસ્સે થયા વગર સામા માણસને સમજવાનો પ્રયાસ કરીએ તો આ વિરોધ ઓસરી જાય છે.

આપણે કોઈપણ ક્ષેત્રમાં હોઈએ. થોડીઘણી ટીકા અને વિરોધનો ભોગ બનવું પડે છે. તમે ગમે તેટલું સારું કરતા હો પરંતુ તે જોવાની દરેકની દૃષ્ટિ અલગ હોય છે. ગમા, અણગમા પર આ બધી પરિસ્થિતિનો આધાર છે. માણસને ક્યાંક ને ક્યાંક ઘાવ લાગી જતા હોય છે. કેટલીક વખત એકનો ગુસ્સો બીજા પર ઊતરે છે. જૂની વાત, જૂના પૂર્વ ગ્રહો મનમાં રહેલાં હોય છે, બહાનું મળતા એ રોષ પ્રજ્વલિત બને છે.

કોઈની ટીકા, નીંદા અને કૂથલીમાં લોકોને વધુ રસ પડે છે. પોતાનામાં રહેલી નાનપ, અધૂરપ અને ખામીને છુપાવવા માટે આ શસ્ત્રનો ઉપયોગ થતો હોય છે. બીજાને નાના બનાવીને મોટા થવાનો આ પ્રયાસ છે. માણસની આ મોટામાં મોટા નબળાઈ છે. પોતાની અસમર્થતાને છુપાવવાનો આ પ્રયાસ છે. આપણે કોઈની પ્રશંસા કે વખાણ કરીએ તે સાંભળવા કોઈ રાજી હોતા નથી. ઉપર ઉપરથી માથું ધુણાવ્યા કરે છે. પરંતુ કોઈની ટીકા કે નીંદા કરીએ કે તેની અંદરખાનેની વાત કરીએ તો લોકોના કાન સરવા થઈ જાય છે. આ બધી વાતો ધ્યાન દઈને સંભળાય છે અને તેનો સ્વીકાર પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




થાય છે. ટીકા જેટલી જલદીથી સ્વીકાર્ય બને છે તેટલી પ્રશંસા જલદીથી સ્વીકાર્ય બનતી નથી. ખરાબ વસ્તુ જેટલી ત્વરાથી ગ્રહણ થઈ જાય છે. એટલી સારી વસ્તુઓ જલદીથી ગળે ઊતરતી નથી. કેટલાક માણસોને વાતવાતમાં આડું પડી જતું હોય છે. જ્યાં સુધી કોઈની સાથે બગાડે નહીં ત્યાં સુધી ચેન પડતું નથી.

વાતવાતમાં વિરોધ કરનારા લોકો સભાનપણે સમજી વિચારીને પગલું ન ભરે તો પાછા પડવું પડે છે. વિરોધમાં સચ્ચાઈ હોવી જોઈએ. જીદ અને હઠાગ્રહ ન ચાલે. વિરોધ કરવા ખાતર કરીએ તો કોઈ સારું પરિણામ ન આવે પરંતુ તેમાં શુભ ભાવના હોય, સારું કરવાનો પ્રયાસ હોય તો સમજી શકાય છે પણ કોઈને બદનામ કરવા, કોઈના દિલને દુઃખ પહોંચાડવા કે કોઈની માનહાનિ કરવા માટે વિરોધ થાય છે ત્યારે તે વિરોધ રહેતો નથી પરંતુ દ્વેષ બની જાય છે. દરેક માણસે બીજા તરફ આંગળી ચીંધતા પહેલાં પોતે શું છે તેનું આત્મનિરીક્ષણ કરવું જોઈએ. આ જગતમાં કોઈ સંપૂર્ણ નથી. દરેક માણસમાં વધતે ઓછે અંશે સારાઈ અને બુરાઈ રહેલી છે. પ્રભુલાલ દ્વિવેદીની એક રચના આ અંગે થોડામાં ઘણું કહી જાય છે.

**સંપૂર્ણ જગતમાં ઈશ્વર એક જ માનવ માત્ર અધૂરાં સદ્‌ગુણ જુએ છે શાણાને અવગુણ પાત્ર અધૂરાં કોઈને રચનારે રૂપ દીધાં કોઈને દીધાં અભિમાન કોઈ ધન ઘેલાં, કોઈ રસ ઘેલાં કોઈને દીધા રે જ્ઞાન સઘળું નવ સાથ દીધું કોઈને એ ભૂલે પાત્ર અધૂરાં**

*(મુંબઈ સમાચાર તા. ૧૪-૧-૨૦૦૧ની ઈન્દ્રધનુષ્ય પૂર્તિના જિનદર્શન વિભાગમાંથી સાભાર)*

❀❀❀❀




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંત્રીશ્વર ઉદયન

ઉદયન વાણિયો ભાગ્ય અજમાવવા સપરિવાર આજે આ નગરમાં આવ્યો છે. જિનાલયમાં જઈને આખો પરિવાર પ્રભુ-ભક્તિમાં લીન છે. જિનાલયમાં જિનભક્તિ કરી રહેલી હસમુતીબેન ભાવસારને ખબર પડી ગઈ કે....હસુમતીએ પોતાનું ખાલી મકાન ઉદયનને રહેવા માટે આપીને ''સાધર્મિકભક્તિ''નો લાભ મળ્યાનો સંતોષ માણ્યો. ઉદયનના પુણ્યોદયે ઘરનું ખોદકામ કરાવતા નીચેથી નિધાન પ્રાપ્તિ થઈ. હસુમતીબેને કહ્યું, ''તમારા ભાગ્યમાં હોવાથી તમને મળ્યું છે મારાથી ન.....'' બન્નેની ના હક્કની મીઠી લડાઈ જામી. તે નિધાનની માલિકી કરવાં કોઈ જ તૈયાર ન થયું ત્યારે તે નિધાન દ્વારા ''ઉદયન વિહાર'' નામે સુંદર જિનાલયનું નિર્માણ કરાયું. સિદ્ધરાજને ઉદયનની મહાનતા જાણવા મળતાં તેણે ઉદયનને મંત્રીપદથી અલંકૃત કર્યા. મંત્રી બન્યા પછી ઉદયને જિનશાસન પ્રભાવનાના અનેક કાર્યો કર્યા.

ઉદયનના જીવનનું શ્રેષ્ઠ કાર્ય....પૂ. આ. શ્રી દેવચંદ્રસૂરિજીને શાસનદેવીએ કહ્યું કે, ''ચાંગો'' ભાવિનો મહાન શાસન પ્રભાવક થવાનો છે. ઉદયને ચાંગાના પિતાજી ચાચીંગ પાસે ચાંગો શાસનને આપવા માટે નમ્ર અરજ કરી અને તેના બદલામાં પોતાના બે યુવાન ગુણિયલ પુત્રો ચાચીંગને આપવા તેઓ તૈયાર થયા. ઉદયન મંત્રીશ્વરની આગવી ઉદારતા, શાસન રાગને ચાચીંગ જોઈ જ રહ્યો. મંત્રીશ્વર ઉદયનના પુણ્યોદયે ચાચીંગ માની ગયો. ઉદયન મંત્રીના બે પુત્રો લીધા વિના ચાચીંગે ચાંગાને ગુરુચરણે સોંપી દીધો. જૈન શાસનને મહાન આચાર્ય કલિકાલ સર્વજ્ઞ પ. પૂ. આ. ભ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા મળ્યા.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 242 82 54 - 243 05 39

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૬)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## બુધીથી ગુંજી

આજે અમારે ૧૭ કી. મી.ની યાત્રા હતી. ૧૦.૫૦૦ ફુટની (આબુ ૪૦૦૦ ફુટ) ઉંચાઈએ જવાનું હતું. સવારમાં ઉઠતાં જ સૌંદર્યના દર્શન થયા. ઉગતા સૂર્યના કિરણો આસપાસ આવેલા હિમાચ્છાદિત પર્વત ઉપર પડતા ચારે બાજુ સોનેરી રંગ પ્રસરી ગયો હતો. ઉંચાઈ અને હિમાચ્છાદિત પર્વતોને લીધે કાળજાને કોરી ખાય તેવો ઠંડો પવન વાતો હતો. જેથી દરેક યાત્રિકે ગરમ કપડા પહેર્યા હતા. શરૂઆતમાં થોડું ચાલવાનું હોય છે જેથી શરીરમાં ગરમાવો આવે. આભને આંબે તેવા પર્વતો ઉપર ચઢાણ ચડતા હૃદયના ધબકારા વધી જાય તેમ લાગે ત્યારે ઘોડા ઉપર બેસવાનું હોય છે. ચઢાણ ચડ્યા પછી બીજી બાજુ ઉતર્યા ત્યારે સીધું મેદાન આવ્યું. આ મેદાનને છિયા લેખનું મેદાન કહે છે. જેમાં ભુજ પત્રના ઉંચા ઉંચા વૃક્ષો આવેલા છે. જેના ઉપર શાસ્ત્રો લખવામાં આવે છે. આગળ ચાલતા ગરબ્યાંગ ગામ આવે છે. ગરબ્યાંગ તિબેટ અને ભારત વચ્ચેનું વેપાર કેન્દ્ર હતું. ભારતમાંથી મીઠું, ગોળ, વિ. જતું અને તિબેટમાંથી ઉન આવતું, પણ જયારથી ચીને તિબેટ જીતી લેતા બાદ વેપાર ખુબજ ઘટી ગયો. તદ્ઉપરાંત ૧૯૫૬માં ગરબ્યાંગમાં ધરતીકંપ આવેલ. અડધું ગામ જમીનમાં ઉતરી ગયું. ભાવનગર પાસે ઘોઘામાં જેમ પડી ગયેલા મકાનો ઉપર તાળા લાગેલા જોવા મળે છે તેવી જ રીતે ગરબ્યાંગમાં છોડી દેવાએલ મકાનો ઉપર તાળા લાગેલા જોવા મળે છે. બહુ જ ઓછા માણસો અહિંયા રહે છે. ચાની દુકાને ચા નાસ્તો કરીને આગળ ૪ કિ.મી. ચાલતાં કાલી ગંગા તપા કુટ્ટી નદીનો સંગમ જોવામાં આવે છે. અડધા ભાગમાં પાણી કાળાશ ઉપર અને અડધામાં સફેદ હોય છે. બન્ને નદીઓ ખુબજ શાંત રીતે વહી રહી છે. કાલી ગંગાને કાંઠે ગુંજી ગામ વસી રહેલું છે. ગુંજ ભારત સરકારની હદનું છેલ્લું ગામ છે. અને છેલ્લી પોસ્ટ ઓફિસ ઘરો ઘણાખરા લાકડાની કોતરણીવાળા છે.

ગુંજીના કેમ્પમાં પહોંચતા પહેલા બે રસ્તા પડે છે. એક તિબેટમાં આવેલ અષ્ટાપદ કૈલાસ માનસરોવર તરફ જાય છે. બીજો આદિ કૈલાસ અથવા તોછોરા કૈલાસ તરફ જાય છે. મેં ૧૯૯૪માં કૈલાસ માનસરોવર યાત્રા મંડળ મુંબઈના ઉપક્રમે આદિ કૈલાસ તથા ૐ પર્વતની યાત્રા કરેલી. અષ્ટાપદ કૈલાસના દર્શન કરવા ન જઈ શકે તેઓ આદિ કૈલાસના દર્શન કરીને સંતોષ માને છે. આદિ કૈલાસ ભારતમાં જ આવેલ છે જેથી પાસપોર્ટની જરૂર પડતી નથી અને ખર્ચો પણ ઓછો આવે છે. આદિ કૈલાસ ગુંજીથી ૩૩ કિ.મી. દૂર છે. તથા ૧૫,૫૦૦ ફૂટની ઉંચાઈ પર આવેલું છે. શંકર ભગવાનના લીંગના આકારનો બરફ આચ્છાદિત પર્વત છે, આદિ કૈલાસ એ અષ્ટાપદ કૈલાસની આબેહુબ કાર્બન કોપી છે છતાં પણ તેને અષ્ટાપદ કહેતા નથી. આદિ કૈલાસની પાસે જ પાર્વતી સરોવર છે. અષ્ટાપદ કૈલાસે જતા યાત્રામાં આદિ કૈલાસનો સમાવેશ થતો નથી. આદિ કૈલાસ માટે અલગ યાત્રા હોય છે.

યાત્રિઓ ઠંડા પાણીવાળા પાર્વતી સરોવરમાં સ્નાન કરવા ગયા ત્યારે ગાઈડે મને પાસે બેસીને કહે કે આદિ કૈલાસને બરાબર જોવો. ખરેખર શંકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન એક પગ નીચે રાખીને બેઠેલા દેખાય માથા ઉપર જટા અને હાથે તથા શરીર સર્પ વીંટળાઈને બેઠેલા દેખાય હોય તેવો આભાસ થાય આદિકૈલાસની પ્રદક્ષિણા થતી નથી. દૂરથી જ દર્શન થાય છે. આદિકૈલાસ જતાં રસ્તામાં કુટ્ટી ગામ આવે છે. કુંતીમાતા તથા પાંડવો અહિંયા રહ્યા હતા જેથી ગામનું નામ કુંતી અથવા કુટ્ટી થઈ ગયું. કુટ્ટી ગામની એક દીકરી માઉન્ટ એવરેસ્ટ ચડી આવેલ છે. અમે ગયા ત્યારે તે ત્યાં ન હતી. તેની માએ વાત કરી ઘરે લઈ જઈને ગાયના દુધમાંથી બનાવેલ સ્વાદિષ્ટ દહિં ખાવા આપ્યું. સત્કાર બદલ આભાર માન્યો.

કાલી નદીનો પુલ ઓળંગતા ૧. કિ.મી. આગળ વધતા મીલીટરીના જવાનોએ યાત્રિકોનું ચા તથા બીસ્કીટથી ભાવભર્યું સ્વાગત કર્યું એક વાગ્યે ગુંજી પહોંચ્યા. ગુંજીમાં રહેવા માટે અર્ધ ગોળાકાર પ્રીફેબ્રીકેટેડ તંબુ હોય છે. જમી થોડો આરામ કરી મેડીકલ ચેક અપ માટે જવાનું હતું. દશેક જણા ચેક અપમાં પાસ થઈ ગયા. મારો વારો આવ્યો ડૉકટર કહે કે તમારી હાલત જોતા તમને આગળ યાત્રા કરવાની રજા કેવી રીતે આપી શકાય. એટલામાં બીજા યાત્રિકોને તપાસી પાસ કર્યા ખુબ વિનંતી કર્યા પછી બી. પી તથા તાપમાન માપતાં બરાબર હતું. જોઈને આશ્ચર્ય પામ્યા છેવટે તેઓના દિલમાં ''રામ'' વસ્યા અને મને પાસ કર્યો. પાસ ન કરે તો કોઈ પણ ફરીયાદ યાત્રિકો આગળની મુસાફરી માટે કરી શકતા નથી. તેઓને દિલ્હી પાછું જ આવવું પડે બધા યાત્રિકો મારા પાસ થવાથી રાજી થયા અને કાકા ઝીંદાબાદના નારા લગાવ્યા આમ ત્રીજી વખત ભગવાનની કૃપાથી યાત્રા કરવા સફળ રહ્યો. ગુંજી કેમ્પથી હિમાલયમાં આવેલ બરફ આચ્છાદિત અન્નપૂર્ણા પર્વતના દર્શન થાય છે. રાત્રે જમીને આવ્યા પછી વરસાદને લીધે વાતાવરણ ઠંડું થઈ ગયું હતું. તંબુમાં ગયા પછી તરત જ મને શ્વાસ લેવામાં મુશ્કેલી પડવા માંડી બીજા યાત્રાળુઓનું ધ્યાન ગયું કે તરત જ દરવાજા ખોલી નાખી માલીસ કર્યું આરામ થઈ ગયો.

ગુંજીથી કાલાપાણીની યાત્રા સરળ છે. બીજે દિવસે સવારે ગુંજીથી કાલાપાની જતાં પહેલા ચા તથા નાસ્તામાં ''દલીયા'' નામની દુધમાં બનાવેલી ઘઉંના ફાડાની લાપસી આપવામાં આવી હતી. આખા પ્રવાસમાં સાથ આપતી કાલી નદીનું ઉગમ સ્થાન એટલે કાલાપાની. કાલી ગંગાનું પાણી પર્વતની બખોલમાંથી ઝરણા વાટે નીકળી કાળા પથ્થરથી બાંધેલા કુંડમાં પડે છે. એટલે પાણી કાળું દેખાય છે. એટલે આ સ્થળનું નામ કાલાપાણી પડ્યું. કાલાપાણીની આસપાસ કોઈ વસ્તી નથી. ફક્ત ભારત સરકારનો મીલીટરી કેમ્પ છે. એક શંકર ભગવાનનું તથા કાલી માતાનું મંદીર છે. મંદીરમાં સેવા પુજા કરવા મીલીટરીના માણસો જ આવે છે. રાત્રે ભજન તથા ગીતો ગાય ને આરતી ઉતારે છે. કાલાપાણી પાસે પર્વતના એક ભાગમાં વ્યાસ ગુફા આવેલી છે કે જયાં બેસીને વ્યાસજીએ મહા-ભારતની રચના કરી હતી એમ કહેવાય છે.

ભારતની બાજુનો આ છેલ્લો કેમ્પ છે. આવતી કાલે અમારે પરદેશ (ચીન)માં યાત્રા કરવા જવાનું છે. પાસપોર્ટ ચેક કરાવવો પડે છે. અને વધારાનો સામાન અત્રે મુકી દેવો પડે છે. ભારતની સરહદમાં જે ફોટાઓ તથા ફીલમ પાડેલ હોય તે અહિંયા જમા કરાવવા પડે છે. પાછા આવતા મળી જાય છે.

*(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'શ્રી આત્માનંદ પ્રકાશ'ને અમારી હાર્દિક શુભેચ્છા

**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૪૨૮૯૯૭-૫૧૭૮૫૪

| રોહિતભાઈ | સુનીલભાઈ | પરેશભાઈ |
|---|---|---|
| ઘર : ૨૨૦૧૪૭૦ | ઘર : ૨૨૦૦૪૨૬ | ઘર : ૨૫૧૬૬૩૯ |

**ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.**

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર–૪૩૯૭૮૨, વડવા પાનવાડી–૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦, ભાવનગર-પરા-૨૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૨૫૬૩૮૩૨, ઘોઘા રોડ–૨૫૬૪૩૩૦, શિશુવિહાર–૨૪૩૨૬૧૪

**સલામત રોકાણ** **આકર્ષક વ્યાજ**

| ડીપોઝીટ | વ્યાજનો દર | ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૧ વર્ષથી ૩ વર્ષ સુધી | ૮.૫ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૭.૦ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૯.૦ ટકા |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | | |

૯૩ માસે રૂા. ૧૦૦૦/-ના રૂા. ૧૯૯૩/- મળશે.
સીનીયર સીટીઝનને F.D. ઉપર ૧ ટકો વધુ વ્યાજ આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા નજીકની શાખાનો સંપર્ક સાધવો.**

| મનહરભાઈ એચ. વ્યાસ | વેણીલાલ એમ. પારેખ | નિરંજનભાઈ ડી. દવે |
|---|---|---|
| જનરલ મેનેજર | મેનેજિંગ ડિરેક્ટર | ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર આયોજિત શિષ્યવૃત્તિ તથા સંસ્કૃત પારિતોષિક સમારંભ

*અહેવાલ : મુકેશ સરવૈયા*

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના ઉપક્રમે અને ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશન ટ્રસ્ટ-ઘાટકોપર-ઇસ્ટ, મુંબઈના આર્થિક સહયોગથી ગત તા. ૫-૧૨-૦૨ને ગુરુવારના રોજ કોલેજમાં અભ્યાસ કરતાં ૫૬ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સભામાં રૂબરૂ બોલાવી શિષ્યવૃત્તિ અર્પણ કરવામાં આવી હતી.

ધો. ૧૦ના સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારા આપણા સમાજના તેજસ્વી તારલારૂપ ૪૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ, હસ્તે : ટ્રસ્ટીશ્રી રજનીભાઈ ગાંધી-ઘાટકોપર-મુંબઈના આર્થીક સહયોગથી રૂા. ૨૨૫=૦૦ સુધીના રોકડ ઇનામો, દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને એક એક સુંદર મોમેન્ટો તથા નયનરમ્ય ટુ કલર અભિનંદન પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ જ રીતે ધો. ૧૨ના સંસ્કૃત વિષયમાં ૬૫ કે તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર આપણા સમાજના તેજસ્વી તારલારૂપ ૨૯ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શેઠશ્રી શશીભાઈ વાધરના (શશી ઇન્ડસ્ટ્રીઝ-ભાવનગર) આર્થિક સહયોગથી રૂા. ૨૫૦=૦૦ સુધીના રોકડ ઇનામો, દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને એક એક સુંદર મોમેન્ટો તથા નયનરમ્ય ટુ કલર અભિનંદન પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

ધો. ૧૦ તથા ધો. ૧૨નો સંસ્કૃત વિષયક ઇનામી પારિતોષિક સમારોહ ગત તા. ૧૫-૧૨-૦૨ને રવિવારના રોજ દાદાસાહેબ-આરાધના હોલ ખાતે ડૉ. શ્રી રમણીકલાલ જેઠાલાલ મહેતા પરિવારે ઘાટકોપર-મુંબઈ ખાતે આરાધના ભવનના નવનિર્માણ અર્થે આપવામાં આવેલ રૂા. ૫૪ લાખના અનુદાનની અનુમોદનાર્થે ઘાટકોપર શ્રીસંઘના ટ્રસ્ટીવર્યોશ્રી દ્વારા રાખવામાં આવેલ બહુમાન સમારંભ સાથે સંસ્કૃત વિષયક ઇનામી સમારોહની ગોઠવણી કરવામાં આવી હતી. જેમાં ઘાટકોપર જૈન સંઘના પ્રમુખશ્રી રામજીભાઈ શાહ, ટ્રસ્ટીવર્યોશ્રી રજનીભાઈ ગાંધી, શ્રી વસંતભાઈ પારેખ, શ્રી કીર્તિભાઈ ટાણાવાળા, શ્રી કિશોરભાઈ બેચરદાસ તથા શ્રી પ્રેમજીભાઈ શાહ, ભૂપતભાઈ પારેખ આદિ મહાનુભાવો આ બહુમાન પ્રસંગને અનુલક્ષીને ખાસ મુંબઈથી પધાર્યા હતા.

ડૉ. શ્રી રમણીકલાલ જેઠાલાલ મહેતા પરિવારે આ સભાના લાઈબ્રેરી હોલ માટે આપેલ રૂા. દોઢ લાખના અનુદાનને અનુલક્ષી સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ તથા મંત્રીશ્રી ચીમનલાલ વર્ધમાન શાહ અને કારોબારીના સભ્યશ્રીઓ દ્વારા ડૉ. શ્રી રમણીકભાઈ તથા શ્રીમતી સાવિત્રીબેન રમણીકલાલનું ફૂલહારથી બહુમાન કરવામાં આવેલ.

ધો. ૧૦ તથા ધો. ૧૨ના સંસ્કૃત વિષયક પ્રથમ પાંચ-પાંચ વિદ્યાર્થી ભાઈ-બહેનોનું ઘાટકોપર શ્રી સંઘના ટ્રસ્ટીઓ તથા રમણિકભાઈ મહેતા પરિવારના વરદ્ હસ્તે બહુમાન કરવામાં આવેલ. બાકીના વિદ્યાર્થીઓનું બહુમાન સભાના ટ્રસ્ટીવર્યોશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આમ આ સમારોહમાં ભાવનગર શ્રી સંઘના પૂર્વ પ્રમુખ શ્રી મનનોહનભાઈ તંબોળી, હાલ પ્રમુખશ્રી સૂર્યકાંતભાઈ ચાવાળા, મંત્રીશ્રી ચંદુભાઈ ડી. વોરા તથા જુદી જુદી સંસ્થાઓના ટ્રસ્ટીઓ તેમજ શ્રી જૈન આત્માનંદ સભાના ટ્રસ્ટીઓ-સભ્યશ્રીઓ અને ધો. ૧૦ તથા ધો. ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનો અને તેમના વાલીઓની વિશાળ ઉપસ્થિતિમાં આ સમારોહ શાસન પ્રભાવના પૂર્વ સંપન્ન થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દેહનું સૌંદર્ય ક્ષણસ્થાયી છે
# દિલનું સૌંદર્ય ચિરસ્થાયી છે

સૌંદર્ય!! હર કોઈને આકર્ષવાની શક્તિ હોય છે એનામાં. એટલે જ સૌંદર્યધારી બનવા કાજે ઘણો મોટો વર્ગ જાતજાતના નુસખા-અવનવી તરકીબો અજમાવતો રહે છે અને એટલે જ અદ્યતન યુગમાં બ્યુટીપાર્લરથી લઈને મેડીક્યોર-પેડીક્યોર જેવાનો વિકાસ વધુ ને વધુ થતો રહ્યો છે. કેશથી લઈને વેશ સુધી સર્વત્ર માનવી સૌંદર્યના ખ્યાલ લઈને રાચી રહ્યો છે.

પણ...સબૂર! આ સૌંદર્ય શરીરનું છે, બાહ્ય છે. એના કરતાંય કૈંકગણું કિંમતી-મૂલ્યવાન સૌંદર્ય ભીતરનું છે... હૃદયનું છે. એક વાત ખબર છે? ચબરાક વ્યક્તિ હંમેશા ચીજ-વસ્તુના પેકીંગના બાહ્ય સૌંદર્યને એટલું મહત્ત્વ નથી આપતા જેટલું એના ભીતરના માલના સૌંદર્યને-ગુણવત્તાને મહત્ત્વ આપે છે. એટલે જ એવી વ્યક્તિ પેકીંગના સૌંદર્યમાં બાંધછોડ મંજૂર રાખશે. કિંતુ માલમાં બાંધછોડ મંજૂર નહિ રાખે. બસ, આ જ ન્યાય જો શારીરિક અને હાર્દિક સૌંદર્યના સંદર્ભમાં અપનાવીએ તો, શારીરિક સૌંદર્યમાં બાંધછોડ હજુ ચલાવી શકાય. કિંતુ હાર્દિક ગુણસૌંદર્યમાં બાંધછોડ ન ચલાવી શકાય...

અને... બીજી વાત. શારીરિક સૌંદર્ય ક્ષણસ્થાયી છે. જયારે હાર્દિક ગુણસૌંદર્ય ચિરસ્થાયી છે. બની શકે કે શારીરિક સૌંદર્ય ધરાવતી વ્યક્તિ વર્ષો બાદ એ સૌંદર્ય ગૂમાવી દે ત્યારે એને ખુદને જ પોતાનું પ્રતિબિંબ વિરૂપ લાગે. કારણ કે એ સૌંદર્ય ક્ષણસ્થાયી છે, કાયમી નથી. જયારે હૃદયનું ગુણસૌંદર્ય વર્ષો વીત્યા પછી, અરે! વ્યક્તિના અસ્તિત્વ પછી ય, એવું ને એવું જ તરોતાજા રહીને આકર્ષતું રહે છે. માટે જ એને શારીરિક સૌંદર્ય કરતાંય વધુ મહત્ત્વ આપીને એની પ્રાપ્તિ કાજે પ્રયાસ કરાવો જોઈએ આવો, આજે આપણે એ પ્રયાસ હાર્દિક ગુણસૌંદર્યથી દેદીપ્યમાન એક ઘટના નિહાળવા દ્વારા કરીએ :

ભાવનગરમાં એક શ્રીમંત પરિવાર રહે. પરિવારની ગૃહિણી શિસ્તની અત્યંત આગ્રહી. ક્યારેક જડતાભરી કડકાઈ પણ કરે. એક વાર એ પરિવારને કો'ક સ્વજનના લગ્નમાં જવાનું હતું. આગલી રાત્રિએ મોડે સુધી એની તૈયારી ચાલતી હતી. એવામાં પરિવારની નાનકડી દીકરીનું ફ્રોક ફાટી ગયું. શિસ્તની જડ આગ્રહી માતાએ રાત્રે ને રાત્રે જ સોય-દોરાથી ફ્રોક સીવી દેવાનું ફરમાન કર્યું. ડરતાં ડરતાં નાનકડી બાલિકા ફ્રોક સીવવા માંડી. એવામાં સરતચૂકથી સોય પડી ગઈ. ગભરાઈ ગયેલી બાળકીએ મહામહેનતે સોય શોધી ને નવો દોરો લેવા માટે સોયને દાંત વચ્ચે ઝકડી રાખીને અંદર ગઈ.

દોરો શોધતા વાર લાગી ને તરત એની માતાની બૂમ આવી : અરે! ક્યાં મરી ગઈ પાછી? જલ્દી આવ. ડરી ગયેલી બાળકી જવાબ દેવા ગઈ. એમાં પેલી દાંત વચ્ચે ઝકડી રાખેલ સોય ગળામાં ઊતરી ગઈ. જોતજોતામાં તો રક્તનળીમાં છિદ્ર પડી ગયું ને લોહી ટપકવા માંડ્યું : જાણે રજમાંથી ગજ થઈ ગયું!! ક્ષણ પૂર્વે બાલિકાને ધમકાવતી માતા ખુદ આ વિકટ સ્થિતિથી ડરી ગઈ. રાતોરાત ડૉકટરના ઘરે દોડધામ મચાવાઈ ગઈ. પરંતુ કોઈપણ ડૉકટર તાત્કાલિક-રાત્રે જ ઓપરેશન કરવા તૈયાર ન થયા.

આખરે એક ડૉકટરના ઘરે તપાસ કરાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૉકટરનું નામ હતું વામનરાવ. પરંતુ તકલીફ મોટી એ હતી કે ખુદ એ ડૉકટરનો જ લગ્નવિધિ ત્યાં ચાલી રહ્યો હતો. તપાસ કરવા જનાર મુંઝાઈ ગયા. પણ ડૉકટરનું હાર્દિક ગુણસૌંદર્ય-પરોપકારીવૃત્તિ ખૂબ ઉચ્ચ હતી. એથી એણે સામેથી પેલા હાંફળા-ફાંફળા થઈને આવેલ સ્વજનોને પ્રયોજન પૂછ્યું. સ્વજનોએ કારણ દર્શાવ્યું. અને... તે જ ક્ષણે હાથમાંનું માંગલિક શ્રીફળ ગોર મહારાજને એમણે પરત આપવા માંડ્યું!!

ગોરમહારાજે અને સહુ સ્વજનોએ ડૉકટરને વિનંતિ કરી - આજીજી કરી કે 'આ શ્રીફળ પરત ન કરાય, અપશુકન થાય. તમે લગ્નવિધિ ચાલુ રાખો. શહેરમાં ઘણા ય ડૉકટર છે. એ આ કાર્ય કરશે...' પરંતુ ડૉકટર વામનરાવમાં ઝળકતા વિરાટ હૃદયસૌંદર્યે મચક ન આપી. લગ્નવિધિ અધૂરો મૂકીને ડૉકટર તાબડતોડ કલીનીક તરફ ધસી ગયા અને પેલા બેબાકળા સ્વજનોને બાળકી સાથે કલીનીક પર આવવા કહ્યું.

તાત્કાલિક ઓપરેશન થિયેટરમાં સુવિધા ઊભી કરાઈ અને પરમાત્માના સ્મરણ સાથે પૂર્ણ પરોપકારબુદ્ધિથી ડૉકટરે ઓપરેશન શરૂ કર્યું. પૂરી ધીરજ અને અદ્‌ભુત કૌશલ્ય સાથે એમણે એ જોખમી કાર્ય કર્યું. પેલી સોય આબાદ બહાર કાઢી નાંખી! બાલિકાના માતા-પિતાને ત્યારે એ ડૉકટર નહિ, સાક્ષાત્‌ ભગવાન સમા ભાસવા માંડ્યા!!

પરોપકાર ગુણથી ભર્યા ભર્યા હૃદયનું સૌંદર્ય કેવું મજાનું હોય છે એ આપણે આ ઘટનામાં સુંદર રીતે પ્રતિબિંબિત થતું નિહાળી શકીએ છીએ. એના દર્શને આપણે પણ આવા હાર્દિક ગુણસૌંદર્યને આત્મસાત્‌ કરવા સંકલ્પબદ્ધ થઈએ. અને એ માટે થોડી શી પ્રેરણા પેલી શાયરીની પણ ઝીલીએ કે :-

**अपना ही ख्याल करके जीए, तो हम क्यां जीए?**
**जिंदगीका तकाजा है, कुछ ओरोंके लीए भी जीए।**

*--ગણિ રાજરત્નવિજય*

*ગુજરાત સમાચારની અગમ-નિગમ*
*પૂર્તિમાંથી જન-હિતાર્થે સાભાર*

**APTECH**
COMPUTER EDUCATION

"ફેમીલી પેક" યોજના
- એકની ફી ભરો અને ફેમીલીના બધા સભ્યો કોમ્પ્યુટર શિક્ષણ મફત મેળવો.

3rd Floor, Ajay Chamber, Kalanala, Bhavnagar - 364 001
(Gujarat) India Phone : (91) (0278) 425868 Fax : (91) (0278) 421278
Internet : http://www. aptech-education.com

**COMET**
COMPUTER CONSULTANCY
10, V. T. Complex,
Kalanala, Bhavnagar - 364 001
Phone : (91) (0278) 422229

સૌપ્રથમ
કોમ્પ્યુટર કુંડળી
દેશ-પરદેશની
સુક્ષ્મ અને ચોક્કસ
કાઢવા માટે મળો.

ભવિષ્યનું માર્ગદર્શન
મફત
રૂબરૂ મળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જેના જન્મ પછી મા-બાપ પેંડા વહેંચે છે તે જ સંતાનો મોટા થઈને મા-બાપને વહેંચે છે

**પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મહાબોધિવિજયજી મહારાજના જાહેર પ્રવચનમાંથી સંદેશ દૈનિક તા. ૨૯-૯-૨૦૦૨ ના આધારે**

આજના યુગમાં માં-બાપ ઘરે પુત્રો જન્મે એટલે પેંડા વહેંચે છે અને આ જ સંતાનો મોટા થઈને માં-બાપને વહેંચે છે...આધુનિક સમાજની દેન રૂપે ઊભા થયેલા ઘરડાઘરો ભારતીય સંસ્કૃતિના માથે મોટામાં મોટુ કલંક છે. તેમ જૈનાચાર્ય અને પ્રખર વક્તા પૂજ્યશ્રી મહાબોધિ વિજયજી મહારાજે પોતાના મનનીય પ્રવચન દરમ્યાન જણાવ્યું હતું. મહાબોધિ વિજયજી મહારાજના ''માં-બાપને ભુલશો નહી'' વિષયના પ્રવચનને સાંભળવા માટે ભાવિકો-એટલી હદે ઉમટી પડ્યા હતા કે, સ્ટોક એક્સચેન્જ હોલમાં ઉભા રહેવાની પણ જગ્યા ન હતી.

તેમણે જણાવ્યું હતું કે, વ્યસન મુક્તિ કેમ્પ યોજાય છે. પણ માં-બાપની ઋણ મુક્તિ કેમ્પનું આયોજન કેમ નથી થતું....? કારણ કે તમને જન્મ આપનારના ઉપકારનો બદલો ચુકવવો શક્ય જ નથી. તમે પેટમાં પથરીના દુઃખાવાને નવ દિવસ સહન નથી કરી શકતા અને આપણી જનેતા નવ મહિના વેદના વેઠીને જન્મ આપે છે. ક્યારેક માતાની કુખે મરેલુ બાળક જન્મે છે અને જન્મ આપનાર જનેતાનું ત્યારનું આક્રંદ પથ્થરને પીગળાવી દે તેવું હોય છે.

મહાબોધિવિજયજી મહારાજે જણાવ્યું હતું કે, માત્ર જન્મ આપ્યા પછી તમને સાચવવાનું કામ પણ મા કરે છે... તમે તેના ખોળા ગંદા કર્યા... તમને આ જનેતાએ પેટે પાટા બાંધી ભણાવ્યા આમ છતાં ક્યારેય તમે તમારી જનેતાનું મોઢું બગડતું નહીં જોયું હોય... દીવામાંથી દીવો પ્રગટાવે એનું નામ જનેતા છે... માં નો અર્થ શબ્દકોષમાં કે જોડણી કોષમાં નહીં પણ જીવનકોષમાં શોધો.

તેમણે જણાવ્યું હતું કે, મેં એક બાળકને પૂછ્યું કે તને માતા-પિતામાંથી કોણ ગમે છે ત્યારે તેણે વળતો પ્રશ્ન મને કર્યો કે તમને તમારી બેમાંથી કઈ આંખ ગમે છે...? જેનો જવાબ મારી પાસે ન હતો.

બાળકો માટે માતા-પિતા આંખો જેટલા પ્રિય હોય છે. જયારે નાનુ બાળક ભગવાનનું વર્ણન કરતું હોય છે ત્યારે વર્ણનમાં પણ તેની માતાના ચહેરાની ઝલક નજરે પડતી હોય છે.

મહાબોધિવિજયજી મહારાજે જનેતાનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું કે ભગવાનને જયારે થયું કે હું દુનિયાના તમામ માણસો સુધી નહીં પહોંચી શકું ત્યારે તેણે માતાનું સર્જન કર્યું... શિવાજી જેવા શૂરવીરને પેદા કરનાર અને શૂરવીરતાના સંસ્કાર સીંચનાર તેમની માતા હતી. બાળક નર્સરીમાં ભણે એ પહેલા નવ મહિના માતાની કુખમાં ભણે છે. એ દરમ્યાન માતા જે કાંઈ જુએ અને વિચાર કરે તેની અસર ગર્ભમાના બાળક પર પણ થાય છે. માટે જ વિકૃત સીરીયલો જોવાનું ટાળો.

તેમણે ગાંધીજીનો દાખલો આપીને જણાવ્યું હતું કે, પરદેશ જતા અગાઉ માતા પૂતળીબા તેમને રાજકોટના એક દેરાસરમાં લઈ ગયા હતા. જ્યાં તેમની પાસે પરદેશમાં પત્તા, વેશ્યા અને માંસાહારથી દુર રહેવાના ત્રણ નિયમ લેવડાવ્યા હતા. કારણ કે પૂતળીબાને ખબર હતી કે પરદેશમાં જનારા દીકરા વંઠી પણ શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, આત્મહત્યા કરનાર કેટલીય મહિલાઓ પોતાના નાનકડા બાળકને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની સાથે આત્મહત્યા કરવાની ફરજ પાડે છે...કદાચ માતા એ વાતની ચિંતા કરતી હોય છે કે, મારા ગયા પછી મારા પુત્રની કે પુત્રીની સંભાળ કોણ રાખશે...? મહાબોધિવિજયજી મહારાજે જણાવ્યું હતું કે, દુનિયામાં માત્ર મા-બાપ જ એવા છે કે ક્યારેય પોતાના સંતાનોના કામોનો હિસાબ રાખીને બદલો લેતા નથી. માં-બાપને ક્યારેય દીકરાની ભૂલો કે ગાળોનો હિસાબ રાખતા કોઈએ જોયા છે ખરા..?

માતા-પિતાના સંસ્કાર થકી જ તમે અહીંયા બેઠા છો... તમે અક્ષરધામ પર હુમલો કરનારા આતંકવાદી નથી બન્યા તેનું કારણ તમારા મા-બાપના સંસ્કાર છે. માતા-પિતાની આંગળી પકડીને તમે મંદિરના અને સ્કૂલના પગથીયા ચઢ્યા છો અને મોટા બન્યા છો. પણ મેં એવા સંતાનો પણ જોયા છે જે પોતાના મા-બાપને ગાળો દેતા હોય.

મહાબોધિ વિજયજી મહારાજે જણાવ્યું હતું કે, આટલા ઉપકાર કરનાર માં-બાપને ઘણા સંતાનો સાચવતા નથી પણ તેઓ યાદ રાખે કે, માતા-પિતા વગરનું ઘર સ્મશાન છે. મા વિનાનું ઘર અને ઘર વગરની માં એ સંતાનો માટે મોટામાં મોટો અભિશાપ છે. જો મા-બાપની આંતરડી ના ઠારો તો કાંઈ વાંધો નહીં પણ તેમની આંતરડી કકળાવો તો નહીં જ...

તેમણે આગળ જણાવ્યું હતું કે, જો તમે તમારા સંતાનના દેખતા જ તમારા મા-બાપને ભીડાવશો તો એ જ સંતાન મોટુ થઈને તમારી સાથે આવું જ વર્તન કરશે.

ઘણા પોતાના વૃદ્ધ માતા-પિતાને ઘરડા ઘરમાં મુકી આવે છે. પણ ઘરડાઘરને ઘર કહેવાય નહીં. એ ભારતીય સંસ્કૃતિ પરનું મોટામાં મોટુ કલંક છે. અને દુઃખની વાત એ છે કે આખા દેશમાં સૌથી વધુ ઘરડાઘરો ગુજરાતમાં છે.

મહાબોધિ વિજયજી મહારાજે હાજર રહેલા શ્રદ્ધાળુઓને ટકોર કરી હતી કે, તમારા માતા-પિતા ૭૦-૮૦ વર્ષના હોય તો તમે એમના માટે દિવસમાં દસ મીનીટ ફાળવો છો ખરા...? અને જો તમે પ્રામાણિક હો તો આજથી આ કામ પહેલું શરૂ કરો.

તેમણે જણાવ્યું હતું કે, ઘરડા માતા-પિતા સંતાનોના પૈસાના નહીં પણ તેમના પ્રેમના ભૂખ્યા હોય છે. ઘડપણ એમ પણ ઘડીયાળના કલાક્ના કાંટા જેવું અત્યંત ધીમેથી ફરે છે. તેમ ઘડપણમાં સમય પસાર નથી થતો. વૃદ્ધાઅવસ્થાએ પહોંચ્યા બાદ ઉંબરો પણ ડુંગરો લાગે છે.

મહાબોધિ વિજયજી મહારાજે જણાવ્યું હતું કે, બાળપણ સવાર અને યૌવન બપોર જેવું હોય છે પણ ઘડપણ શિયાળાની લાંબી રાત જેવું હોય છે અને હવેના સંતાનો તો મા-બાપની વેદના સમજવાની જગ્યાએ મા-બાપને વહેંચતા થઈ ગયા છે. ચાર પુત્રો હોય તો મા-બાપ દરેકના ઘરે મહિનો રહે. બે સંતાનો હોય તો તેઓ મા-બાપને વહેંચી લે. જે મા-બાપે તેમના જન્મ ટાણે પેંડા વહેંચે છે એ સંતાનો મોટા થઈ મા-બાપને વહેંચતા થઈ ગયા છે. હવે કળિયુગનો પ્રભાવ જબરજસ્ત રીતે પથરાઈ ગયો છે તેવું લાગ્યા વગર રહેતું નથી.

તેમણે શીખામણ આપી હતી કે, ભગવાનની પૂજા નહીં કરો તો ચાલશે પણ વૃદ્ધા અવસ્થામાં પહોંચેલા મા-બાપની કાળજી રાખજો. એ ભગવાનની પૂજા બરાબર છે.

ત્રણથી ચાર મુસ્લિમ બંધુઓ પણ આજે જૈનાચાર્યના પ્રવચનનો લ્હાવો લેવા માટે આવ્યા હતા.

પ્રવચનની ખરેખરી અસર અને પ્રભાવ તો પ્રવચન શરૂ થયાના અડધો કલાક પછી જોવા મળ્યો હતો. મહાબોધિ વિજયજીના વાણી પ્રવાહમાં શ્રદ્ધાળુઓ રીતસર વહી ગયા હતા. મોટા ભાગના શ્રદ્ધાળુઓની આંખમાંથી તેમની વાણી સાંભળીને અશ્રુધારાઓ વહેવા માંડી હતી. મહાબોધિવિજયજી મહારાજનું વક્તવ્ય સાંભળીને કેટલાય શ્રદ્ધાળુઓ તો ધ્રુસકે ને ધ્રુસકે રડતા જોવા મળ્યા હતા. *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments from :

Kinjal Electronics

Chandni Chowk, Par Falia,
Opp. children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

## પુરુષાર્થ બળવાન કે પુણ્ય ?

બે મિત્રો વિવાદે ચડ્યા. એક કહે, "દુનિયામાં પુરુષાર્થ જ વિજયી બને" બીજો "પુણ્ય જ વિજયી બને" તે બન્ને એક ધર્મશાળામાં આવ્યા. પુણ્યવાદી મિત્ર તો ઉંઘી ગયો. પુરુષાર્થવાદી મિત્ર ભોજનની તપાસમાં આંટા મારતો ત્રીજે માળે પહોંચ્યો. એક ખાલી ઓરડીના ખુલ્લા કબાટમાં રહેલા ડબ્બામાં ૨૪ પેંડા જોયા. ૧૨ પેંડા તે ખાઈ ગયો. નીચે આવીને મિત્રને ઉઠાડતાં કહ્યું "તું તો પુણ્ય પુણ્ય કરીને સુઈ ગયો જો મેં પુરુષાર્થ ન કર્યો હોત તો તારો બાપ તને ખવડાવવા આવત ! લે આ ૧૨ પેંડા ખાઈ લે, હવે તો તું કબૂલ કરીશ કે પુણ્ય કરતાં પુરુષાર્થ વધુ બળવાન છે."

પુણ્યવાદી મિત્ર હસતાં હસતાં બોલ્યો, "મિત્ર ! આ પ્રસંગ તો મારી જ માન્યતાને પુષ્ટ કરે છે. પેંડા શોધવાની મહેનત તે કરી અને મને...." પુરુષાર્થવાદી મૌન થઈ ગયો.

મેસર્સ સુપર કાસ્ટ

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિદેશમાં રહેલી મૂલ્યવાન જૈન હસ્તપ્રતોના કેટલોગ માટે બે કરોડ રૂપિયાની જાહેરાત કરતાં વડાપ્રધાન શ્રી વાજપેયી

ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનૉલોજીના નેતૃત્વ હેઠળ વિશ્વની જૈન સંસ્થાઓના અગ્રણીઓની એક મુલાકાત ભારતના વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયી સાથે યોજાઈ, જેમાં જાપાન, સિંગાપુર, નેપાળ, ઈંગ્લેન્ડ અને ભારતના અગ્રણીઓએ હાજરી આપી હતી, તથા જૈન એસોસિએશન ઑફ નોર્થ અમેરિકા એન્ડ કેનેડા (જૈના), જૈન કલ્ચરલ સેન્ટર, એન્ટવર્પ અને વીસા ઓસવાળ કૉમ્યુનિટી, કેનિયાના પ્રતિનિધિઓએ આ કાર્યમાં પૂર્ણ સહયોગના સંદેશા મોકલ્યા હતા. ભારતના સાંસ્કૃતિક મંત્રી શ્રી જગમોહનની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સભાનો પ્રારંભ શ્રી નમસ્કાર મહામંત્રીથી થયો. એ પછી ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનૉલીજીના લંડનના ટ્રસ્ટી શ્રી મહેશ શાહે આ સંસ્થાએ વૈશ્વિક ક્ષેત્રે જૈનદર્શનના પ્રસાર માટે કરેલાં કાર્યોનો ખ્યાલ આપ્યો હતો. જૈનધર્મ અને પર્યાવરણ વિશેની 'જૈન ડેક્લેરેશન ઑન નેચર' પુસ્તિકાનું બકિંગહામ પેલેસમાં પ્રિન્સ ફિલિપે કરેલું વિમોચન, ''તત્ત્વાર્થસૂત્ર''નો અદ્યતન અંગ્રેજી ભાષામાં અનુવાદ, જૈનધર્મને W.W.F. ના નેટવર્કમાં મળેલું માનભર્યું સ્થાન તેમજ 'પિસફૂલ લિબરેટર્સ' નામનું 'જૈન આર્ટ ફ્રોમ ઇન્ડિયા' નામના કલાપ્રદર્શનનું કો-ઓર્ડિનેશન, ધરતીકંપમાં તારાજ થયેલા સાયલા તાલુકાના નીનામાં ગામની લાડકપુરને નામે પુનઃ રચવાના કાર્યમાં આ સંસ્થાએ વિદેશમાં જુદી જુદી સંસ્થાઓનો સહયોગ મેળવ્યો હતો તથા સંસ્થા દ્વારા ઈંગ્લેન્ડની સ્કૂલો અને કોલેજોમાં શીખવાતા જૈનધર્મના અભ્યાસક્રમ વિશે વાત કરી હતી.

સંસ્થાના ટ્રસ્ટી અને માનદ્‌મંત્રી લંડનના શ્રી હર્ષદ સંઘરાજકાએ વિદેશમાં રહેલી હસ્તપ્રતોનો ખ્યાલ આપ્યો હતો તેમજ વિકટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ, ઑક્સફોર્ડ યુનિવર્સિટી, વેલકમ ટ્રસ્ટ વગેરેમાં રહેલી જૈન હસ્તપ્રતોની મૂલ્યવત્તા દર્શાવી હતી. ઇ. સ. ૨૦૦૩માં બ્રિટિશ લાયબ્રેરીની હસ્તપ્રતોના કેટલૉકનો પ્રથમ ગ્રંથ પ્રકાશિત થશે તેમ જણાવ્યું હતું. વળી હસ્તપ્રતોના કેટલૉક માટે સંસ્થાએ વિકસાવેલા કમ્પ્યુટર માસ્ટર પ્રોગ્રામનો ખ્યાલ આપ્યો હતો, જે પ્રોગ્રામ વિશ્વભરમાં સ્વીકાર્ય છે અને ઇન્ટરનેટ પરથી તેની વિગતો મળી શકશે વળી આમાંથી મૂલ્યવાન હસ્તપ્રતો ડીજીટાઈઝ કરવામાં આવશે. ડૉ. કુમારપાળ દેસાઈએ આ હસ્તપ્રતોના કાર્યથી ભારતમાં મંદ પડેલા હસ્તપ્રત શાસ્ત્રના અભ્યાસને કેટલો વેગ મળશે તથા ભારતીય સંશોધકોને આનાથી થનારા લાભની વાત કરી હતી, તેમજ સમગ્ર વિશ્વને કઈ રીતે એની માહિતી ઉપલબ્ધ થશે તેનો ખ્યાલ આપ્યો હતો. સંસ્થાના વાઈસ ચેરમેન શ્રી નેમુભાઈ ચંદરયાએ અત્યાર સુધીમાં આ કાર્ય પાછળ સંસ્થાએ કરેલા પ્રયત્નોની વિગતો આપી હતી તથા આ વિરાટ કાર્ય પાછળ વિદેશમાં વસતા જૈનો, જૈન સંસ્થાઓ અને જૈન અગ્રણીઓના આર્થિક સહયોગનો ઉલ્લેખ કર્યો હતો. રાજ્યસભાના સભ્ય, બ્રિટનમાંના ભૂતપૂર્વ ભારતીય હાઈકમિશ્નર અને જાણીતા બંધારણવિદ્ ડૉ. એલ. એમ. સિંઘવીએ જૈન હસ્તપ્રત ભંડારોની વિશેષતાની વાત કરીને વિપુલ સંખ્યામાં મળતી જૈન હસ્તપ્રતોનો ખ્યાલ આપ્યો હતો.

સાંસ્કૃતિક ખાતાના પ્રધાન શ્રી જગમોહને ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મકલ્યાણક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહોત્સવની ઉજવણીના ઉપલક્ષમાં સરકારે એકસો કરોડ ફાળવ્યા અને તેનો જૈનતીર્થોની સુવિધાઓ વધારવા માટે કેવો ઉપયોગ કર્યો તેની વિગતો આપી અને ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનૉલોજીના પ્રોજેક્ટના આયોજન તેમજ તેને મળેલા વિશ્વના જુદા જુદા દેશોના સહયોગની પ્રશંસા કરી હતી. આશરે છ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા આ પ્રોજેક્ટ માટે ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનૉલોજીએ ભારત સરકાર પાસે બે કરોડ રૂ.ની માગણી કરી હતી. એ અંગે પ્રતિભાવ આપતાં વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીએ કહ્યું કે જૈનદર્શન પાસેથી આ જગતને ઘણું શીખવાનું છે અને આ કાર્યની મહત્તા પ્રમાણીને જ તેઓએ આ કાર્ય અંગે પેટ્રન ઇન ચીફ થવાનું સ્વીકાર્યું હતું તે વાત કરી. તેમણે આ માટે બે કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી. સંસ્થાના ચેરમેન શ્રી રતિભાઈ ચંદરયાએ આ અંગે આનંદ અને આભારની લાગણી પ્રગટ કરી અને હસ્તપ્રત વિષયક સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું. એ પછી ડૉ. સિંઘવી અને શ્રી દીપચંદભાઈ ગાર્ડીએ પણ વડાપ્રધાનને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું

આ પ્રસંગે ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’ના ભૂતપૂર્વ એકઝિક્યુટીવ ડાયરેક્ટર સાહુ રમેશચંદ્ર જૈન, સ્થાનકવાસી સમાજના શ્રી મનુભાઈ શાહ, ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનૉલોજીના ટ્રસ્ટી લંડનના શ્રી રતિ શાહ, જયસુખ મહેતા અને બિપિન મહેતા ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સના મેમ્બર સેક્રેટરી પ્રો. એન. આર. શેટી, દિલ્હીના યુવાન અને તેજસ્વી કાર્યકર શ્રી સંજય જૈન, જાપાનના કોબેમાં વસતા શ્રી નેમીચંદ ખજાનચી, નેપાળના શ્રી હુલાસચંદ ગોલચા, વર્લ્ડ જૈન કન્ફેડરેશનના શ્રી પ્રતાપ ભોગીલાલ તેમજ દિલ્હીના વલ્લભ સ્મારકના મંત્રી શ્રી રાજકુમાર જૈન તથા દિગંબર મહાસભાના શ્રી નિર્મળ શેઠી ઉપસ્થિત રહ્યા હતા.

* * *


## ફોર્મ નં. ૪ નિયમ ૮

(૧) પ્રકાશન સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા (રજીસ્ટર્ડ ટ્રસ્ટ)
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

(૨) પ્રકાશન અવધિ : માસિક

(૩) મુદ્રક : પ્રકાશક : માલિક : શ્રી જૈન આત્માનંદ સભા–ભારતીય
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

(૪) તંત્રીનું નામ : પ્રમોદકાંત ખીમચંદ શાહ–ભારતીય.
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર–૩૬૪૦૦૧

હું પ્રમોદકાંત ખીમચંદ શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

તંત્રી

તા.૧૬-૨-૨૦૦૩

પ્રમોદકાંત ખીમચંદ શાહ
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી અનાથી મુનિ અને શ્રી કૂરગડુ મુનિ

*ડૉ. કુમારપાળ દેસાઈ*

## શ્રી અનાથી મુનિ

મગધના સમ્રાટ શ્રેણિક બિંબિસાર અશ્વ પર બેસીને સૈન્ય સહિત વનવિહાર માટે નીકળ્યા હતા. તેઓ મંડિકુક્ષિ નામના ઉદ્યાનમાં આવ્યા ત્યારે વૃક્ષની નીચે પદ્માસન લગાવીને બેઠેલા ધ્યાનસ્થ મુનિ પર એમની દૃષ્ટિ પડી. મુનિરાજની પ્રસન્ન મુખમુદ્રા, તેજસ્વી કપાળ અને રમણીય રૂપ જોઈને સમ્રાટ શ્રેણિક આશ્ચર્યમાં પડ્યા.

મનોમન વિચાર કરવા લાગ્યા કે સંસાર-જીવનનો એવો તે ક્યો હૃદયવિદારક અને આઘાત-જનક અનુભવ થયો હશે કે જેથી એમણે યુવાનીનો આનંદ માણવા-ભોગવવાને બદલે સાધુતાનો ત્યાગપૂર્ણ માર્ગ ગ્રહણ કર્યો હશે?

મગધનરેશે પ્રણામ કરીને મુનિરાજને પ્રશ્ન કર્યો, ''મુનિરાજ, મારા ચિત્તમાં જાગેલી જિજ્ઞાસાનું આપ સમાધાન કરો તેવી વિનંતી છે. યુવાનીની મહોરેલી વસંતમાં સંસારનાં સુખો છોડીને શા માટે તપ-ત્યાગથી ભરેલી દીક્ષા ગ્રહણ કરી? આવી કંચનવર્ણી કાયા, તેજસ્વી તરુણ અવસ્થા અને નેત્રદીપક ચહેરો જોઈને મને સવાલ જાગ્યો છે કે આપે છલકાતી યુવાનીમાં સંસાર, સંપત્તિ અને પ્રિયજનોનો પરિત્યાગ કેમ કર્યો?''

મુનિરાજે હેતભર્યા સ્વરે કહ્યું, 'હે રાજન્, આ સંસારમાં હું સાવ અનાથ હતો. મને બચાવનારો રક્ષક કે ગાઢ મિત્ર નહોતો. આવી અનાથ સ્થિતિને કારણે જ મેં સંસારનો ત્યાગ કર્યો.'

સમ્રાટ શ્રેણિકે ખડખડાટ હસતાં કહ્યું, '' અરે મુનિવર, જો આપ આવી અનાથ સ્થિતિનો અનુભવ કરો છો તો હું તમારો નાથ બનીશ. વળી મારા જેવો સમ્રાટ તમારો નાથ બનશે એટલે તમને ગાઢ મિત્રો, પરમ સ્નેહીઓ, નિકટના સંબંધીઓ અને ખડે પગે રહેનારા સામે ચાલીને મળી આવશે. એમના સહવાસમાં રહીને તમે સુખપૂર્વક સત્તા, સંપત્તિ, સામર્થ્ય અને સૌંદર્ય સઘળું ભોગવી શકશો. સંસારનું કોઈ સુખ તમને અપ્રાપ્ય નહીં હોય. મુનિ! ચાલો, હવે હું તમારો નાથ છું. આવી ભરયુવાનીમાં લીધેલી સાધુતા છોડીને મારી સાથે મારા વિશાળ રાજમાં પધારો.''

સમ્રાટની આ વાતના પ્રત્યુત્તરમાં મુનિરાજે કહ્યું, ''હે મગધરાજ, જ્યારે તમે ખુદ અનાથ છો પછી મારા નાથ કઈ રીતે બની શકશો? તમારી જેમ જ અપાર સંપત્તિ અને સમૃદ્ધિ મારી પાસે હતી, પરંતુ એક વાર મારી આંખમાં પીડા ઉત્પન્ન થઈ અને શરીરના પ્રત્યેક અંગમાં દાહ જાગ્યો ત્યારે અનેક નિપુણ વૈદ્યાચાર્યો, પિતાની સઘળી સંપત્તિ કે માતાનું મધુરું વાત્સલ્ય મારી પીડા ઓછી કરી શક્યાં નહીં. સર્વ શૃંગારનો ત્યાગ કરનાર પતિપરાયણ મારી પત્ની કે મારાં ભાઈ-બહેન પણ સાંત્વન અને રુદન સિવાય કશું કરી શક્યાં નહીં. આવી હતી મારી અનાથતા!

''આ અનાથતાને દૂર કરવા માટે અને એ વેદનાથી મુક્ત બનવા માટે મેં સર્વ વેદનાનાશક એવી દીક્ષા લેવાનો વિચાર કર્યો. જે રાત્રે એવો સંકલ્પ કર્યો કે હું સાજો થઈશ તો આ સંસાર છોડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દઈશ તે રાત્રી પસાર થવાની સાથોસાથ મારી વેદના ઓછી થવા લાગી. પ્રાતઃકાળે તો સાવ નિરોગી બની ગયો. દીક્ષા અંગીકાર કરીને નીકળેલા મારા જેવા અનાથને ભગવાન મહાવીર જેવા સાચા નાથ મળ્યા!''

અનાથી મુનિના ઉપદેશથી પ્રભાવિત થઈને રાજા શ્રેણિક પ્રભુ મહાવીરનું શરણ સ્વીકારવા ચાલ્યા અને અનાથી મુનિ પોતાના માર્ગ ભણી આગળ વધ્યા.

અનાથી મુનિનું ચરિત્ર દર્શાવે છે કે સંસારનાં દુખ:દર્દ ભોગવતો માનવી ભલે અનેક સ્નેહીઓ અને સમૃદ્ધિ ધરાવતો હોય છતાં વાસ્તવમાં તે અનાથ છે. પોતાની અનાથ સ્થિતિને ટાળનાર અને સૂતેલા આત્માને જગાડનાર ગુરુ મળતાં વ્યક્તિ સાચી સનાથ બને છે. શાસ્ત્રો કહે છે કે આત્મસંધાનની અંતિમ સીમાએ પહોંચી અનાથ મુનિ સદાય સનાથ દશારૂપ સિદ્ધિપદને વર્યા.

## શ્રી કૂરગડુ મુનિ

ક્ષમા ધર્મનું સ્મરણ થતાં જ કૂરગડુ મુનિનું નામ તરત જ સ્મરણપટ પર આવશે. કૂર એટલે ભાત અને ગડૂઆ એટલે એક જાતનું પાત્ર. મુનિશ્રી કૂરગડુ સવારે પાત્ર ભરીને ભાત લાવીને વાપરે, ત્યારે જ એમને થોડીઘણી સ્વસ્થતા આવતી હતી. રોજ પાત્ર ભરીને ભાત વાપરતા હોવાથી બીજા સાધુઓ એમની મજાક કરતા હતા. કૂરગડુ મુનિથી ભૂખ્યા રહેવાય નહીં. રોજ થોડો આહાર તો જોઈએ જ, તેથી થાય શું? કેટલાક તપસ્વી સાધુમહારાજો કૂરગડુ મુનિના આ આહારને જોઈને એને 'નિત્ય ખાઉ' કહેતા.

તેમાં પણ એમના જ ગચ્છમાં બીજા ચાર સાધુઓ તો મહાતપસ્વી હતા. એક સાધુ માસક્ષમણ (એક મહિનાના સાત ઉપવાસ) કરતા હતા. બીજા સાધુ બે મહિનાના, ત્રીજા સાધુ ત્રણ મહિનાના અને ચોથા સાધુ ચાર મહિનાના ઉપવાસ કરતા હતા. આવા ઉપવાસી સાધુઓ મુનિ કૂરગડુની મશ્કરી કરતા, તે દુર્વર્તનને ભૂલીને મુનિ કૂરગડુએ એમની સાધુસેવા ચાલુ રાખી.

તેઓ અન્ય સાધુઓની તપશ્ચર્યાનો દ્વેષ પણ કરતા નહીં, બલકે એમની તપશ્ચર્યાની અહર્નિશ અનુમોદના કરતા હતા. પોતાની મર્યાદાથી વાકેફ હોવાને લીધે તપસ્વી સાધુઓની ખડે પગે વૈયાવચ્ચ કરતા હતા. મુનિઓએ કરેલી નિંદાને આત્મનિંદા અને આત્મવિશ્લેષણમાં પરિવર્તિત કરી દેતા હતા. આમ એમના હૃદયમાં સતત ક્ષમાવૃત્તિનું ઝરણું વહેતું હતું.

એક વાર સંવત્સરી મહાપર્વના દિવસે પોતાવી તીવ્ર ક્ષુધાને સંતોષવા માટે મુનિરાજ ગોચરી વહોરીને લાવ્યા. બધા સાધુઓને બતાવીને વિનયથી કહ્યું કે, ''આ ગોચરીમાંથી આપને કંઈ વાપરવાની અભિલાષા હોય તો વાપરો.'' આ શબ્દો કાને પડતાં જ અન્ય સાધુઓ એમના પર ક્રોધે ભરાયા... ''પર્વના આવા દિવસે તમે ભોજન કરો છો તે બાબત તો તિરસ્કારપાત્ર અને શરમજનક છે. કિન્તુ બીજાને આ રીતે વાપરવાનું કહો છો તે તો અતિ ધિક્કાર પાત્ર અને આઘાતજનક ગણાય.''

ગુસ્સે થયેલા મુનિઓએ એમના પાત્રમાં મોંમાંથી બળખા કાઢીને નાખ્યા આમ છતાં કૂરગડુ મુનિને સહેજે ગુસ્સો થયો નહીં, બલકે ક્ષોભ થયો કે સાધુઓની વૈયાવચ્ચ કરવાને બદલે તેમની વિનંતી ક્રોધનું કારણ બની. તેઓ મનોમન વિચારવા લાગ્યા,

''અહો! મારો કેવો પ્રમાદ! સાધુને તો એક પળનો પ્રમાદ ન હોય ત્યારે હું તો એક નાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખું તપ પણ કરી શકતો નથી. એમાંય પર્વના દિવસોએ મારાથી તપ થતું નથી તે કેવું શરમજનક ગણાય? ધિક્કાર છે મને.''

વળી કૂરગડુ મુનિ વિચરવા લાગ્યા, મારે તો આ ચારે તપસ્વી સાધુમહારાજોની વૈયાવચ્ચા કરવી જોઈએ. એમની સેવા કરવી જોઈએ. ઓહ! આવું કરવાને બદલે હું તો એમના ચિત્તમાં ક્રોધ જગાડનારો બન્યો. મુનિ તરીકે મેં કેટલી બધી મહાન ભૂલો કરી? આમ આત્મનિંદા અનુભવતા મુનિરાજ શુક્લધ્યાનમાં ચડીને તરત કેવળજ્ઞાન પામ્યા. દેવતાઓ પણ એમના કેવળજ્ઞાનનો મહોત્સવ ઊજવવા દોડી આવ્યા. એમની ટીકા કરનારા ચારે તપસ્વી મુનિઓ આશ્ચર્યચકિત બની ગયા. સાચા ભાવતપસ્વી કેવળજ્ઞાની કૂરગડુ મુનિને ખમાવવા લાગ્યા.

**'क्षमा वीरस्य भूषणम्'** એનો અર્થ જ એ કે કાયરની પાસે ક્ષમાની શક્તિ હોતી નથી. હૃદયની વિશાળતા ધરાવનારો વીર પુરુષ જ સાચી ક્ષમા આપી શકે. જીવનમાં સન્માન મળે ત્યારે તો સહુ કોઈ સૌજન્ય દાખવે, કિન્તુ જીવનમાં અપમાન, અન્યાય અને ઉપહાસ મળે ત્યારે ચિત્તમાં સમતા જાળવનારી વ્યક્તિઓ જ સાચી ક્ષમા આપી શકે છે. સમતાના સરોવરમાં જ ક્ષમાનું કમળ ઊગે છે. આવો સમતાભાવ શ્રી કૂરગડુ મુનિના ચરિત્રમાં જોવા મળે છે.

With Best Compliments From :

**Universal** AGENCIES

Press road, volkart road, BHAVNAGAR-364001

Phone : (O) 428557/427954 Fax : (0278) 421674

E-mail : universal agencies@usa.net

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત

'આત્માનંદ પ્રકાશ' રૂપી

જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)

નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

For Private And Personal Use Only

# શ્રમણ ભગવંતની અનેક આજ્ઞા વતી એક આજ્ઞા

—*શ્રમણ શ્રુતિ*

**કષાયરોધાય જિતેન્દ્રિયત્વં જિતેન્દ્રિયત્વાય મનોવિશદ્ધિઃ।**
**મનોવિશદ્ધયેં સમતા પુનઃ સાઽમમત્વસ્તતખલુ ભાવનાભિઃ ॥**

સુખની પ્રાપ્તિ માટે જીવ રાન રાન ભટકતો આવ્યો છે. સુખ માટે વિષયોની વિલાસી વનરાઈઓ પર તરાપ મારે ત્યાં વનરાઈ વનરાજ બનીને એને દુર્ગતિના ખપ્પરમાં હોમી દે છે. આજ સુધી જીવની સુખ પિપાસાનો અંત આવ્યો નથી, એની તરસ ક્યારેય છીપી નથી.

કોણ બતાવે તેને સચ્ચિદાનંદ સુખની દશા? જગતની સ્વાર્થંધતા જીવને ક્યારેક તો સુખની દિશાથી બરાબર સંપૂર્ણ રીતે ઊલટી દિશામાં આગળી ચીંધે છે.

એ કરૂણસાગર, તરણતારણ સમા જિનરાજનો જગમાં જોટો જડે એમ નથી, અનુપમેય ઉપકારની અષાઢી વર્ષા અવિરત પણે વિભુએ વરસાવી, જેના આજે મીઠા ફળ આપણે સૌ કોઈ ચાખી રહ્યા છીએ. નહિ તો આપણું શું થાત? જુઓ છે ને! જૈન સિવાયની જગતની પ્રજા! સાવ અજ્ઞાન અને અબુધ જેવી, માત્ર વિષયો તરફ જ આંધળી દોટ મૂકીને ભાગે છે, જાણે કોઈ પણ જાતનો વિચાર પણ નહિ આવતો હોય!

વિશ્વવંદ્યય, કૃપાવત્સવ વિભુએ સુખી થવાનો રાહ પ્રસ્તુત શ્લોકમાં વર્ણવ્યો છે.

સુખની સિદ્ધિ મમતા સિવાય શક્ય નથી. સમતા અમમતા સિવાય થઈ શકે નહિ, અમમત્વ મન વિશુદ્ધિ સિવાય ફરકે પણ નહિ, તો મન વિશુદ્ધિ જિતેન્દ્રિય સિવાય ઝંખાય પણ નહિ ને . જિતેન્દ્રિયપણું કષાયના નિરોધ સિવાય ન આવે, અમમત્વને જો આત્મસાત કરવું હોય તો ભાવના પણ અમોઘ રસાયણરૂપે કહેલું છે. આત્મા જયારે ભાવના ભાવે કે હું નિત્ય છું, શરીર અનિત્ય છે. હું આત્મા છું, શરીર પુદ્ગલ છે. પુદ્ગલ જો મારૂં નથી તો મારે શા માટે રાગ–દ્વેષાદિ ભાવો તેના માટે કરવા. આ પ્રકારની સમજુતી આત્મામા જયારે સ્ફૂરતી થાય, પ્રગટ થાય ત્યારે મમતાને માર પડવાનું શરૂ થવા માંડે ને એક સમય એવો આવે કે મમતા મો મચકોડીને આત્મામાંથી ચાલી જાય મમતાથી જે કાંઈ જીવને જફા છે એનો ચિતાર અંતે માંડવા બેસીએ તો પણ કંટાળી જવાય. જેમ એક પેન પર મમતા હોય તો એનો ખ્યાલ રાખવા માટે કેટ કેટલી કાળજી લેવાની. દા.ત. પૈસા પર મમતા છે. દીકરા પર મમતા છે. હજારો દીકરાઓ આ જ હિન્દુસ્તાનમાં ભૂખ્યા ફૂટપાથની સડકો પર આળોટે છે, તેમ છતાં આપણું પેટ હલે છે? અને આપણા દીકરાની આ હાલત જોતાં જ એટેકનો હુમલો આવી જાયને! એ સંડાસ કરે તો પણ એની મમતા તમને સાફ કરાવવા માટે હોંશે હોંશે પ્રેરશે. એ ક્યાંક ખોટું કામ કરીને આવ્યોને તમને કોઈ અપશબ્દો બોલવા દીકરાના બાપ તરીકે આવે તો પણ કાન બંધ નથી કરતાં. એના માટે ધન કમાવવા કેવા ઉજાગરા વેઠો છો? કેવો ઉદ્યમાત! આ પરિવારની મમતા માટે કરવો પડે છે, જેનો હિસાબ લગાડવો પણ દુષ્કર છે. આ શરીર પર મમતા છે માટે એને ખવડાવો, નવડાવો, સુવડાવો વગેરે કરો છો. જયાં જયાં મમતા હોય ત્યાં ત્યાં તમારે ભોમીયા ભૂતની જેમ ભમતા રહેવાનું, ઝંપીને બેસી ન શકીએ. ભાવનાઓથી ભાવિતાત્માને મમતા છોડવી એ તો રમતનો ખેલ બની રહેશે.

આ ભાવનાઓ પણ ક્યારેક ભાવિતાત્માને ન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નડી જાય એ માટે શ્લોક કારે લખ્યું છે કે ભાવનાથી અમમત્વ ભાવની સિદ્ધિ સદંતર શક્ય બને છે. અને અમમત્વ આવે એટલે સમતા આવી જાય. કારણ કે રાગ–દ્વેષ હવે શા માટે કરવાના રહ્યા! સમતા માટે જે મનની વિશુદ્ધિ આવશ્યક હતી, તે પણ રાગાદિ ભાવોની મલિનતા ટળી જવાથી સહજ થઈ જાય છે. મનોવિશુદ્ધ અર્થાત્ કષાયોની પરિણતિ તોડી નાખવી, સહજ આત્મસ્થ બની જવું ઈત્યાદિ પ્રકારની વ્યાખ્યાઓ પ્રવર્ત છે, જેને મનોવિશુદ્ધિ કરવા તરફ લક્ષય બન્યું છે તેના માટે જિતેન્દ્રિય પણ આવશ્યક મનાય છે. કેમકે જિતેન્દ્રિયતામાં પાંચ ઈન્દ્રિયોનું દમન કરવું પડે. ઈષ્ટ અને અનિષ્ટના ત્યાગ સ્વરૂપ એક પ્રકારની સહજ આત્માદશાનું નિર્વાણ થવા સંભવે. સંસાર લંબ્યમાન થતો હોય તો વિશેષયતા ઈન્દ્રિયના કારણે થાય છે. મનુષ્ય ઈન્દ્રિયના સુખ માટે જે તરાપ સંસારમાં લગાવી રહ્યો છે. એનો તો તાગ મેળવવો પણ અઘરો છે. ઈન્દ્રિય ખાતર જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાનારાઓની સંખ્યા પણ અસંખ્ય છે. જેનો જોટો આ મોહ મહારાજના સામ્રાજ્યમાં નથી. ખરેખર! જિતેન્દ્રિયત્વ આવે તો અર્ધા ભાગની સાધના સમાપ્ત થયાનો અનુભવ જણાય છે. ઈન્દ્રિયનું દમન કરવા માટે મોટા ખેરનારો, ઋષિઓ–મહર્ષિઓ પણ સંચલિત થઈ ગયાના પુરાવાઓ આપણે ત્યાં સંગ્રહાયેલા છે.

હવે જો ઈન્દ્રિયોની કુદાકુદનું કારણ મેળવવું હોય તો સંશોધન કરતા શ્લોકકારે શોધ્યું કે કષાયનું રુંધન કરવું અનિવાર્ય છે. કષાયોની જવાળા ભડભડ આત્માને બાળ્યા કરે છે. કષાયોનો જેટલો ઉદ્રેક વધારે તેટલી ઈન્દ્રિયની ગુલામી વધારે વેઠવાનો વારો આવે. ઈન્દ્રિય એ કષાયનો કમાન્ડ ઝીલનારી, એના ઈશારે નાચનારી નાયિકા છે. માટે મૂળ ટારગેટરૂપે તો કષાયનો જ કડાકો બોલાવવો જોઈએ. કષાયની પરાધિનતા ખરેખર દયામણી છે. જીવો પાસે કેવા હલકા દુષ્કૃત્યો કરવે છે. કષાયોની કાલિમા કાજળ જેવી ઘોર–અંધારરૂપી અજ્ઞાનની કોટડીમાં જીવને પુરી રાખે છે. કયારેય આત્માને સાચુ જ્ઞાન થવા દેતું નથી. જેને અનુભવ છે એ કહેશે કે કષાયોનો ઉદ્રેક જયારે ચાલુ થાય ત્યારે આત્મા ભાન ભૂલી જાય છે. કર્તવ્ય–અકર્તવ્ય, હેય–ઉપાદેય ઈત્યાદિકનો વિવેક પણ એનામાંથી ચાલ્યો જાય. જયારે કષાય ઓછા થાય ત્યારે એને સમજાય કે મેં આ શું કર્યું? મારાથી આમ કેમ થઈ ગયું? મને કોઈએ કેમ રોક્યો નહિ? કષાયની તાકાત અખિલ બ્રહ્માંડને હચમચાવી મુકે તેવી છે. વિશ્વનો વિનાશ સર્જવો તેના માટે ડાબા હાથનો ખેલ છે. સૌથી વધુ જો કોઈ દુઃખી હોય તો કષાયની ઉદ્રેકતાવાળો જીવ છે. આત્મહત્યા થવા પાછળ પણ કષાયની અધિકતા છે. વિશ્વ એક જમીનના ટુકડા માટે લડી મરે છે. સેકડો મનુષ્યોનો સંહાર થાય છે. તેમાં કષાય નહિ તો બીજુ કારણ ક્યું છે? શ્રમણ ભગવંતની અનેક આજ્ઞાને એક આજ્ઞારૂપે કોઈ પુછે તો કષાયને મુળમાંથી ઉખેડી નાખવા રૂપ છે. જીવ તે સિવાય સુખોની સાનુભુતિ કરી શકે તે કોઈ કાળમાં જ્ઞાનીઓની દૃષ્ટિએ શક્ય નથી. આજ સુધી વિશ્વ શોધી શક્યું નથી કે આટ આટલી શોધો થયા પછી પણ હજુ જગત દુઃખી કેમ છે? આ તત્વ ક્યું છે? જેનો હજુ ક્યાસ પણ નથી કાઢી શક્યા? જેને ઓળખવા માટે દિવ્ય-જ્ઞાનની જરૂર તો અવશ્ય રહેશે. અથવા તો સર્વજ્ઞ પ્રણિત વચનોનો પ્રકાશ જોઈશે. આજે પણ સુજ્ઞ પુરુષો સ્પષ્ટ સંવેદન કરી રહ્યો છે કે કષાય એ દુઃખાત્મક છે અને એને વારવા માટે વિવિધ પગલાઓ લઈ રહ્યા છે.

સુખનો તત્કાલીન ઉપાય રૂપે આ સિવાય ભગવાને કોઈ જ જોયો —તમે પણ કષાયને રોકીને જોઈ શકો છે કે કેવું સંવેદન થાય છે?

❀❀❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નિર્મળ દૃઢ સમકિત ગુણવતી મહાસતી સુલસા

*—પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુ સૂ. મ.ના શિષ્ય પંન્યાસ ગુણસુંદરવિજયજી ગણી*

સમૃદ્ધિથી ભરપૂર રાજગૃહી નામની નગરી. અહીં નાગસારથી નામનો ધનવાન અને ગુણવાન સદ્ગૃહસ્થ રહેતો હતો. એ પરોપકાર-પરાયણ અને પરસ્ત્રી-પરાઙ્મુખ હતો.

એમની પત્ની સુલસા! રૂપ-લાવણ્યની અમૃતકૂપિકા સમાન. પતિવ્રતાસ્ત્રીઓમાં અગ્રેસર બન્નેનો સંસાર સુખી પણ એમને પુત્ર નહોતો એટલે નાગસારથી આ અધૂરાશને કારણે ક્યારેક વ્યગ્ર બની જતો હતો. સુલસાને સંસારની અસારતા, અધૂરાશ ખૂબ સારી રીતે સમજાવવા છતાં નાગસારથીની પુત્ર અંગેની ઝંખના ઓછી ન થઈ. ત્યારે પતિની આ મનોકામના પૂર્ણ કરવા અને પુત્રવિષયક આર્તધ્યાન દૂર કરવા સુલસા ઉપાયો વિચારે છે; ''શ્રેષ્ઠ કુળ, પરસ્પર પ્રેમ દીર્ઘાયુષ્ય, ઈષ્ટ વસ્તુ કે વ્યક્તિનો સંયોગ, ગુણાનુરાગ, સુપુત્રની પ્રાપ્તિ, લોકોમાં મોટાઈ, ઘરમાં ધનની પ્રાપ્તિ, વાણીમાં સુમધુરતા, બાહૂમાં શૂરવીરતા, હાથમાં દાનવીરતા, દેહમાં સૌભાગ્ય, હૃદયમાં સદ્બુદ્ધિ, ચારેદિશાઓમાં ઉજજવળ કીર્તિ વગેરે બધું જ ધર્મથી મળે છે જ. હે ચિત્ત! તું ખેદ ન કર! ધર્મ વિના ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ શક્ય નથી જ. માટે હે ચિત્ત! તું ધર્મને સમર્પિત થઈ જા! ધર્મથી જ બધા સારાવાનાં થશે, ધર્મના પ્રભાવથી જ મને પુત્રરત્નની પ્રાપ્તિ ખશે!''

આ પ્રકારે ધર્મમાં દૃઢ નિર્ણયવાળી તેણી એ ધર્મ વધાર્યો. પ્રસન્નચિત્તવાળી બનીને તેણી ઉત્તમ દ્રવ્યોથી સવિશેષ ત્રિકાળ જિનપૂજા કરવા લાગી, સંઘની-સદ્ગુરુઓની અધિક ઉલ્લાસથી ભક્તિ-સેવા, બ્રહ્મચર્યવ્રતનું પાલન, ભૂમિ સંથારો, અને આયંબિલ વગેરે તપ શરૂ કરી દીધા. હા! ધર્મી જનને મન ધર્મની પ્રાધાન્યતાથી જ બધે સફળતા મળે છે આ વાત બરાબર બેસી ગઈ છે.

એક દિવસે સુલાસાને પોતાને આંગણે મુનિ ભગવંતના દર્શન થયા. જંગમતીર્થ સ્વરૂપ નિષ્પાપ એમને જોઈ સુલસા આનંદ વિભોર બની ગઈ. સાધુએ બિમારીના નામે લક્ષપાક તેલની જરૂરીયાત બતાવી. સુલસાના ઘરમાં મૂલ્યવાન આ તેલના ત્રણ ઘડાઓ હતા. ભાવ-બક્તિ-શ્રદ્ધાથી એણી તેલ વહોરાવવા સમુદ્યત બની, પણ ત્રણે ઘડાઓ હાથમાંથી છટકી નીચે પડ્યા, ફૂટી ગયા, તેલ નીચે ઢોળાઈ ગયું.

મુલ્યવાન ઘડાઓ ભલે ફૂટ્યા, પણ સાધુ દાનની એણીની ભાવના હરગીજ ન જ ફૂટી (ખંડિત થઈ), ઉલ્ટાની અધિકાધિક બળવત્તા પામી. આવનાર સાધુ ન હોતા પણ સાધુવેશ ધારી દેવ હતા. શકેન્દ્રની સભામાં શકેન્દ્રે ખૂદે સુલસાના અદ્ભૂત સત્વગુણની પ્રસંશા કરી. સુરેન્દ્રના સેનાધિપતિ હરિણૈગમેષી દેવે મુનિનું રૂપ કરી સુલસાની તદ્ વિષયક પરીજ્ઞા કરી સુલસા એ પરીક્ષામાં સો ટકા ગુણાંકથી ઉત્તીર્ણ થઈ. હા! ''ગીરુઆના ગુણ ગીરુઆ ગાવે''! સુલસાના આ મહાન ગુણથી પ્રસન્ન થયેલા હરિણૈગમેષી દેવે સુલસાને વરદાન માંગવા જણાવ્યું.

ગુણની ગરિમાવાળી, ઉદાત્તચિત્તવાળી સુલસા હસીને બોલી, ''સુરેન્દ્રના સેનાધિપતિ! અવધિજ્ઞાનથી જગતના ભાવોને જાણનારા, મોટી શક્તિવાળા તમો શું મારા મનોરથ (પુત્રરત્નની પ્રાપ્તિના જ તો) નથી જાણતા?'' દેવે સુલસાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોગત ભાવોને જાણી લીધા. એણે હસીને સુલસાને બત્રીશ ગોળીઓ આપી અને જણાવ્યું, દેવિ! દિવ્ય પ્રભાવવાળી આ ગોળીઓ ક્રમશઃ એક એક ખાજો! એનાથી તમને બત્રીશ પુત્રો થશે, હવે હું જાઉં છું, જયારે પણ તામ પડે ત્યારે મારું સ્મરણ કરજો''

ખરૂં છે, ''દેવ-ગુરુ આદિ પૂજયોની પૂજા પૂર્વક આરંભ કરાયેલા કાર્યો જલ્દીથી ફળદાયી બને છે.'' ત્યાર બાદ સુલસા જિનેન્દ્ર ભક્તિ કરી વિષય સુખ ભોગવતી રહી. ''મારે બક્ષીશ પુત્રોનું શું કામ છે? બત્રીશ લક્ષણવાળો, ગુણવાન, પરાક્રમી, સ્વજનપ્રેમી એક જ પુત્ર બસ છે!'' આવું વિચારી એણીએ દૈવી ગૂટીકા ક્રમશઃ એક એક ખાવાને બદલે બધી જ (બત્રીશે બત્રીશ) એક્કી સાથે ખાઈ લીધી. ગૂટીના પ્રભાવથી એણીના પેટમાં બત્રીશ ગર્ભ રહ્યા. એક્કી સાથે બત્રીશ પુત્રોના ગર્ભ પેટમાં વૃદ્ધિ પામતા ગયા અને સુલસાની વેદનાએ માઝા મૂકી. એણીએ હરિણૈગમેષી દેવને ઉદ્દેશીને કાઉસ્સગ્ગ કર્યો. દેવ હાજર થયો. એને બધી વિગત બતાવવામાં આવી ત્યારે એ દેવ કહે, ''હે કુલીના! હે મુગ્ધા! તેં આ કાર્ય બરાબર નથી કર્યું. ખેર! જે થવાનું હચું તે થયું. તને હવે એક્કી સાથે બત્રીશ પુત્રો થશે, અને એ બધા જ એક સરખા આયુષ્યવાળા થશે'' સુલસાની ઉદર પીડા દૂર કરી દેવ સ્વસ્થાને ગયો.

યોગ્ય સમયે વૈમાનિક દેવો જેવા તેજસ્વી બત્રીશ પુત્રોને સુલસાએ એકકી સાથે સમાધિપૂર્વક જન્મ આપ્યો. અનુક્રમે યૌવન પામેલા તેઓ બધી જ કળાઓના સ્વામી બન્યા. માતા-પિતાએ એમને એક એક ને એક એક સુંદર રૂપ-ગુણવાન કન્યા પરણાવી. એમની સાથે આ બત્રીશ યુવાનો દૌગુંદક દેવોની દેમ ભોગની મસ્તીમાં કાળ પસાર કરતા હતા. નાગસારથીનું કુટુંબ આ રીતે આનંદ-મંગલ પૂર્વક દિવસો પસાર કરતું હતું આ બત્રીશે યુવાનો શ્રેણીકરાજાના મિત્રો બની ગયા હતા.

આ બાજુ વૈશાલીના ચેટક રાજાની યુવાન સ્વરૂપવતી સુજયેષ્ઠા કન્યા મેળવવા મગધદેશ રાજગૃહીના રાજા શ્રેણીકે વૈશાલી નગરી તરફ પ્રયાણ કર્યું સુજયેષ્ઠાને બદલે એની નાની બેન ચેલ્લણાનું અપહરણ કરી, શ્રેણીક વૈશાલીથી પાછા ફર્યા. ચેડા રાજાના સેનાપતિ સાથેની ઝપાઝપીમાં શ્રેણીક સાથે જ વૈશાલીમાં ગયેલા વીરમાની, મિત્ર (શ્રેણીક મહારાજ)નું કાર્ય કરવામાં ઉજમાળ મનવાળા સુલસાના બત્રીશે બત્રીશ પુત્રો વીરના મૃત્યુને વર્યા.

સુલસા, એનાપતિ નાગસારથી અને એમની બત્રીશ પુત્રવધૂઓ શોક મહાસાગરમાં ડૂબી ગઈ. ભવના ભાવથી નિર્ભયતા પ્રાપ્ત કરેલા મંત્રીશ્વર અભયકુમારે એમને અદ્ભૂત જિનવચનો સંભળાવી શોકમુક્ત કરવા સુંદર પ્રયત્ન કર્યો.

❀❀❀


## પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યા

શાસન સમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના પૂ. આચાર્યદેવશ્રી વિજયદાનસૂરીશ્વરજી મ. સા. માગસર વદ ૧૦ રવિવાર તા. ૨૯-૧૨-૦૨ના રોજ રાતે ૧૧:૩૫ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીના શિષ્ય યોગશ્રમણવિજયજી મહારાજે તેમની ઉત્તમ પ્રકારે સેવા કરી હતી. અનેકવિધ સંઘોની હાજરીમાં મુંબઈ ખાતે તેમની અંતિમયાત્રા નીકળી હતી. તેમની વય ૫૯ વર્ષની હતી. દીક્ષાપર્યાયના ૪૧ વર્ષમાં તેમણે અનેકવિધ પ્રકારે શાસન સેવા કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A L A N K A R



PHONE : (O) 2517756; 2556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE

We Support your Back-Bone

ALANKAR FURNITURE

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

*With Best Compliments From :*

JACOB ELECTRONICS
PVT. LTD.

Mfrs. Audio cassettes, components and compect disc Jewel boxes.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsnl.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

## સામાન્ય સભાની મીટીંગ

સુજ્ઞ સભાસદ બંધુઓ–બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સંવત ૨૦૫૯ ના ફાગણ સુદ-૬ ને રવિવાર તા. ૯-૩-૨૦૦૩ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે, તો આપને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૧૭-૩-૨૦૦૨ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. સભ્યોને જોવા માટે તે સભાના ટેબલ ઉપર મુકેલ છે.

(૩) તા. ૧-૪-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૩ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડીટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રીશ્રીઓ રજૂ કરે તે.

તા. ૧૬-૨-૨૦૦૩
ભાવનગર

લિ. સેવકો
મનહરલાલ કેશવલાલ મહેતા
ચંદુલાલ ધનજીભાઈ વોરા
ચીમનલાલ વર્ધમાન શાહ
માનદ્ મંત્રીઓ

તા. ક. (૧) આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

(૨) ૨૦૦૧-૨૦૦૨ના ઓડીટેડ હિસાબો સભાના ઓફીસ સમય દરમ્યાન તા. ૨૫-૨-૨૦૦૩ થી ૮-૩-૨૦૦૩ સુધીમાં મેમ્બરો જોઈ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફેબ્રુઆરી : ૨૦૦૩ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

अन्तरस्ति सुखस्थानं न बहिर्विद्यते सुखम् ।
अन्तरुद्घाट्य संपश्य निधि की दशमीशिषे ॥

卐

સુખનું સ્થાન અંદર છે. સુખ બહાર નથી. અંતરને ખોલીને જો કે તું કેવા નિધાનનો માલિક છે. ૧૬

卐

The real abode of happiness is inside, not outside. Unveil inside and realize what kind of treasure you own. 16

*(કલ્યાણભારતી ચેપ્ટર-૪, ગાથા-૧૬, પૃષ્ઠ-૬૦)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only